સુવિચાર

સમતોલ વર્તન જ વ્યક્તિનો વિકાસ કરે છે. વિકાસ માટે જરૂરી છે આપણું મન આનંદમાં રહે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૧૦/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ આસો સુદ-૨ વર્ષ : ૧૫ અંક : ૨૪૮



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ
GreenWoods

• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir


## કુમ કુમ પગલે, માડી પધારો રે, આવો અંબા, આવો જગદંબા

# અમરેલી જિલ્લામાં આસ્થા અને ઉત્સાહભેર નવરાત્રિનો પ્રારંભ

### જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીમાં અર્ધો ડઝન જેટલા સ્થળોએ પાર્ટી પ્લોટનો પ્રારંભ

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં આસ્થા અને ઉત્સાહભેર નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ થયો છે. અમરેલી ખાતે તુલસી પાર્ટીપ્લોટ, ગણેશ પાર્ટીપ્લોટ, પોલીસ હેડ કવાર્ટર, ગજેરાપરા અને કેરિયા રોડ ઉપર પાર્ટીપ્લોટનું આયોજન થયું છે. તો શહેરમાં અનેક સ્થળોએ શેરી–ગરબા પણ યોજાઈ રહ્યા છે તો જિલ્લાનાં દરેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ નવરાત્રિ પર્વની ઉજવણીનો પ્રારંભ થયો છે.

### શહેરમાં અનેક સ્થળોએ શેરી ગરબાનો પણ આસ્થાભેર થયો પ્રારંભ

અમરેલી જિલ્લાનાં યુવાઓ જેની હંમેશા રાહ જોતા હોય છે તેવા નવરાત્રિ પર્વનો આજથી પ્રારંભ થયો છે. ખેલૈયાઓ ધરતીને ધ્રુજાવવાનાં ઈરાદા સાથે પાર્ટી પ્લોટમાં રાસ–ગરબાની રમઝટ બોલાવશે તો માતાજીનાં ભકતો આરાધના કરીને મા નાં આશીર્વાદ મેળવશે.

નવરાત્રિ પર્વને લઈને જિલ્લાની બજારોમાં પણ રોનક વધી છે. ખેલૈયાઓ વિવિધ ડ્રેસ અને અર્નામેન્ટની ખરીદી અથવા તો ભાડે મેળવીને પાર્ટી

### જિલ્લાનાં તમામ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ નવરાત્રિનો આસ્થાભેર પ્રારંભ

પ્લોટમાં ઈનામ મેળવવા દોડધામ કરી રહ્યા છે. અમરેલી ઉપરાંત સાવરકુંડલા, બાબરા, કુંકાવાવ, બગસરા, વડિયા, લાઠી, લીલીયા, ધારી, ચલાલા, ખાંભા, રાજુલા, જાફરાબાદ સહિતનાં તાલુકા મથકોએ પણ પ્રાચીન અને અર્વાચીન રાસગરબાનો પ્રારંભ થયો છે.

અમરેલી જિલ્લામાં નવરાત્રિ દરમિયાન સાંજ પડે ને યુવાઓ માટે દિવસની શરૂઆત થશે અને એક મહિનો એટલે કે દિવાળી સુધી માહોલમાં રોનક જોવા મળશે. પોલીસ વિભાગે પણ

### ખેલૈયાઓ ધરતી ધ્રુજાવવા માટે તૈયાર તો મા ભકતો માની કૃપા મેળવશે

ખેલૈયાઓની સુરક્ષા અર્થે ચાંપતી વ્યવસ્થા કરી છે.

**સાવરકુંડલા**

આજથી નવલાં નોરતાનો પ્રારંભ. નવરાત્રીનું પાવન પર્વ એટલે માતાજીની સ્તુતિ અને આરાધના કરવાનું પર્વ. નવરાત્રી દરમિયાન રાત્રિ સમયે માતાજીને પ્રસન્ન કરવા માતાજીના ગુણગાન ગાવાનું પર્વ. રાસ અને માતાજીની ગરીબીને ફરતે પ્રદક્ષિણા કરતાં કરતાં ગરબા ગાઈને માતાજીના

**અનુસંધાન પાના ૬ ઉપર**


SINCE 1999
હરિૐ PENDAWALA
નવલાં નોરતે
નવપ્રસ્થાન પ્રસંગે આપને આવકારીએ છીએ...
હવે વિશાળ જગ્યામાં સ્થળાંતર
૦૪-૧૦-૨૦૨૪ શુક્રવારથી...
નવા બસ સ્ટેન્ડ, અમરેલી-૩૬૫૬૦૧
૨૫ વર્ષની અમારી વ્યવસાય યાત્રાને વધુ ઉત્કૃષ્ઠ બનાવવા
આપ સૌની શુભેચ્છા અને આશીર્વાદના સથવારે
અમરેલીના નવનિર્મિત બસ સ્ટેન્ડના નવા શોપિંગ પ્લાઝામાં
આપ સૌના એજ વિશ્વાસ સાથે, સ્વાદ સાથે, શ્રેષ્ઠ ગુણવત્તા
આપવાની અમારી વર્ષોની પરંપરા સાથે વિશાળ
સુવિધાસભર આઉટલેટમાં સ્થળાંતર કરી રહ્યા છીએ.
આપનું હાર્દિક સ્વાગત કરવા અમો ઉત્સુક છીએ...
નિમંત્રક : હરીભાઇ લાલજીભાઇ બાંભરોલીયા
અનિલભાઇ જીવનભાઇ બાંભરોલીયા
તથા હરિૐ પરિવાર
મો. 94275 07934


# સાવરકુંડલાનાં આંબરડી ખાતે દીપક માલાણીનાં માર્ગદર્શનતળે ગાંધી વંદના કરાઇ




સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે ગાંધી વંદના કાર્યક્રમ યોજાયો હતો. શ્રી આંબરડી કેળવણી મંડળના મેનેજિંગ ટ્રસ્ટી દીપકભાઈ માલાણીના માર્ગદર્શન નીચે વર્ષોથી બીજી ઓકટોબરના દિવસે આંબરડી ગામની અંદર ગાંધી વંદના કાર્યક્રમ કરવામાં આવે છે. ગઈકાલના કાર્યક્રમમાં ખૂબ જ મોટા પ્રમાણમાં સમગ્ર ગામના વડીલો, માતાઓ, ભાઈઓ, બહેનો તેમજ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા. વિદ્યાર્થીઓએ ગાંધીજીના જીવન ઉપર વિવિધ ભજનો, ગીતો તેમજ સંવાદ રજૂ કર્યા હતા અને આ પ્રસંગે આંબરડી હાઈસ્કૂલના આચાર્ય એમ.ડી. માલવિયાએ ગાંધીકથાનું રસપાન કરાવ્યું હતું. કાર્યક્રમના અંતમાં દીપકભાઈ માલાણી એ 'ગાંધીજીના ઉમદા વિચારો અને વિફલક ઉપર તેની છાપ' વકતવ્ય રજૂ કર્યું હતું. કાર્યક્રમના અંતમાં વિશિષ્ટ પ્રસાદનું આયોજન પણ કરાયું હતું.

## અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ ખાતે 'વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન' કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૩

અમરેલી જીલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ અમરેલીમાં 'એનએસએસ દિવસ' નિમિત્તે તારીખ ૨૩/૯/૨૪ને બુધવારનાં રોજ 'વૃક્ષા રોપણ અને સ્વચ્છતા અભિયાન' કાર્યક્રમ આયોજીત થયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજની એન.એસ.એસ.ની વિદ્યાર્થિનીઓ દ્વારા કોલેજ કેમ્પસમાં ૫૦ થી વધારશે વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. અને ત્યારબાદ વિદ્યાર્થિનીઓ કોલેજ કેમ્પસની સફાઈ દ્વારા 'સ્વચ્છતા અભિયાન' કર્યુ હતું. વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાનના આ કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિ. ડો. બી.આર. ચુડાસમા, એન.એસ.એસ.ના સહાયક પ્રોગ્રામ ઓફિસર પ્રા. નયનાબેન જોશી તમામ સ્ટાફ મેમ્બર્સ અને એન.એસ.એસઉની વિદ્યાર્થીનીઓ સહિત ૨૦૦ વિદ્યાર્થીનીઓએ સક્રિય ભાગીદાર કરી ''સ્વચ્છતા હિ સેવા'' નું ઉતમ ઉદાહરણ પુરૂ પાડયું હતું. 'રાષ્ટ્રિય સેવા યોજના' (એન.એસ.એસ) દ્વારા જન જાગ્રૃતિની અનેક પ્રવૃતિ સતત કરવામાં આવે છે.



### એસપીની સુચનાથી સિટી પોલીસની કામગીરી

## અમરેલીમાં થયેલ પ્રાણઘાતક હુમલાનાં આરોપીની અટકાયત

### આરોપી હિતેષ જેઠવા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ



અમરેલી, તા. ૩

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એલ. ખટાણાની રાહબરી હેઠળ અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર કે.કે. ઓડેદરા તથા પોલીસ ટીમે ગત તા. ૨ નાં રોજ ટેકનીકલ તેમજ હ્યુમન રીસોર્સઝના આધારે અમરેલીમાં વઘાસીયા ઓર્થોપેડીક હોસ્પિટલ પાસે બનેલ પ્રાણઘાતક હુમલાના બનાવના ગુન્હાના આરોપી હિતેષ ભગવાનજીભાઈ જેઠવાને પકડી પાડી તેના વિરૂધ્ધમાં ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

### ડેપો મેનેજર કરમટાની દેખરેખ હેઠળ

## અમરેલીનાં એસ.ટી. બસ પોર્ટ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું

### એટીઆઈ, ટીસી સહિતનાં અધિકારીઓ પણ જોડાયા



અમરેલી, તા. ૩

અમરેલી ખાતે તાજેતરમાં શરૂ થયેલ એસ.ટી. બસ પોર્ટમાં મહાત્મા ગાંધીનાં જન્મદિને ડેપો મેનેજર કરમટાની દેખરેખ હેઠળ કર્મચારીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ કરવામાં આવેલ. આ તકે એટીઆઈ હાથીયા, ટીસી ધાધલ, કમલેશભાઈ મહેતા પણ જોડાયા હતા.

### જિલ્લાના છેવાડાના વિસ્તારો સુધી પહોંચતું સ્વચ્છતા અભિયાન

## રાજુલાના રાભડા ગામે સાર્વજનિક સ્થળોએ ડસ્ટબીન મૂકવામાં આવ્યા

### ગ્રામસભા દરમિયાન સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ લેતા ગ્રામજનો

અમરેલી, તા. ૩

પૂ.મહાત્મા ગાંધીની જન્મ જયંતિ અંતર્ગત રાજય સરકાર દ્વારા વ્યાપક સ્વચ્છતાઅભિયાનશરૂ કરવામાં આવ્યુંછે. આ કાર્યક્રમ અંતર્ગતઅમરેલી જિલ્લામાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાનનેવ્યાપકસમર્થનમળીરહ્યુંછે. જિલ્લાના છેવાડાના વિસ્તારો સુધી સ્વચ્છતાનો સંદેશ પહોંચી રહ્યો છે. અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાભાડા ગામે ગ્રામસભા અંતર્ગત સાર્વજનિકસ્થળોએકચરા પેટી મૂકવામાં આવી હતી. સરપંચના અધ્યક્ષ સ્થાને યોજાયેલી ગ્રામ સભામાં ગામના તલાટી કમમંત્રીઅનેઆગેવાનોઅનેગ્રામજનોની ઉપસ્થિતિમાં ગામના ધાર્મિક સ્થળ, દુકાનો, જાહેર સ્થળોને કચરો ફેંકવા માટે ઉપયોગીથાયતેમાટેકચરાપેટીમૂકવામાં આવી હતી. આ પ્રસંગે ગ્રામજનોએ સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ લીધોહતો. રાજયભરમાં તા.૧૭ સપ્ટેમ્બરથી તા.૩૧ ઓકટોબર સુધી સ્વચ્છતાહીસેવા કાર્યક્રમઅંતર્ગતઅનેકવિધકાર્યક્રમોઅને સ્વચ્છતા શ્રમદાન કાર્ય શરૂ છે. આ કાર્યક્રમો થકી નાગરિકોના સ્વભાવમાં સ્વચ્છતા જાળવવાના સંસ્કારોનું સિંચન કરવાનો પ્રયાસ છે.



## અમરેલી સેવા ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગ 33 બાળકોને આર્થિક સહાય

અમરેલી, તા. ૩

અમરેલી સેવા ટ્રસ્ટ દ્વારા સદબુધ્ધિ ધરાવતા દિવ્યાંગ જનોને આ સંસ્થા દ્વારા ૩૩ (મંત્રીય) બાળકોને રૂા. ૪૫૦૦/– (ચાર હજાર પાંચસો) લેખે આર્થિક સહાય આપવાનો કાર્યક્રમ થયેલ. દિવ્યાંગજનોને હુંક અને ઉપયોગી થવાની ભાવના સાથે આ આર્થિક સહાય આપવામાં આવી હતી. આ એક સેવાકીય અને પ્રેરણાદયી કાર્ય કરવામાં આવેલ. આ સેવાકીય કાર્યક્રમમાં સંસ્થાના ડો. વસંતભાઈ પરિખ, રાજુભાઈ પરિખ, ડો.એ.જે.ડબાવાલા, ડો. કાલિન્દી બેન પરિખ, કિશોરભાઈ મહેતા, તેમનજ દિપકભાઈ ગાંગડીયાએ તેમજ અન્ય સેવાઓ આપી રહ્યાં છે તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

## તમાકુ મુકત યુવા અભિયાન ૨.૦– 'સ્મોક ફ્રી વિલેજ'નો ઠરાવ



અમરેલી, તા. ૩

તમાકુના ઉપયોગથી થતી મહામારીઅટકાવવા માટે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણકાર્યક્રમઅંતર્ગતતમાકુમુકતયુવા અભિયાન (ટોબેકોફ્રીયુથ કેમ્પેઈન) ૨.૦ અન્વયે જિલ્લામાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ થી તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૪ સુધી ખાસ અભિયાન છે.જિલ્લાનાગ્રામ્યવિસ્તારોમાંગ્રામસભા યોજાઈ હતી, સ્મોક ફ્રી વિલેજ એટલે કે ધુમ્રપાન મુકત ગામનાં માપદંડોના અમલીકરણ માટે જિલ્લાના તમામ ગામોમાં 'સ્મોક ફ્રી વિલેજ'નો ઠરાવ કરવામાં આવ્યો હતો.

ગ્રામસભામાં ઉપસ્થિત લોકોએ તમાકુની તમામ બનાવટોથી મુકત થવા અને સમાજ પણ તમાકુના દુષણથી મુકત થાય તે માટે યોગદાન આપવા તમાકુ નિષેધનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. વ્યસનમુક્તિ લઘુશિબિર, શાળા કોલેજોમાં તમાકુમુક્તશૈક્ષણિકસંસ્થાનીઅમલવારી કરવી ઉપરાંત યુવા ધનને જાગૃત્ત કરવા અર્થેની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે, તેમ ટોબેકો કંટ્રોલ નોડલ ઓફિસર અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત

## લાઠી સહિતનાં તાલુકાઓમાં ગ્રામ્યકક્ષાએ જાહેર માર્ગો અને સ્થળોએ સફાઈ કાર્ય શરૂ

### રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ

અમરેલી, તા. ૩

તા.૨ આકટોબર–મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૪માં શરૂ થયેલ સ્વચ્છ ભારત મિશનના ૧૦ વર્ષ પૂર્ણ થયા છે. અમરેલી જિલ્લાના વિવિધ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જિલ્લામાં વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામસભાનું આયોજન થયું હતું. ગ્રામસભામાં ઉપસ્થિત ગ્રામજનોએ સ્વચ્છતાના શપથ સાથે રાષ્ટ્રપિતા પૂ. ગાંધીબાપુને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

લાઠી તાલુકામાં ગ્રામ્ય કક્ષાએ સાફ–સફાઈ ઝુંબેશ અંતર્ગત જાહેર માર્ગ અને જાહેર સ્થળ સહિતની સફાઈ કરવામાં આવી હતી. નિયમિત રીતે સ્વચ્છતા જાળવવા અને પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ થાય તે માટે નાગરિકોને આહ્વાન કરવામાં આવ્યુ હતુ. પ્લાસ્ટિક ઉપયોગ કરનાર વિરૂદ્ધ થતી કાર્યવાહીઓથી નાગરિકોને જ્ઞાત કરવામાં આવ્યા હતા.

સ્વચ્છ ભારત મિશન ગ્રામ્ય હેઠળ નિર્માણ થયેલ સામૂહિક કમ્પોસપીટનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. તેમ જ મનરેગા કન્વર્ઝન અંતર્ગત વ્યકિતગત કમ્પોસપીટ અને શોકપીટનું પણ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. ગ્રામજનોને સૂકા અને ભીનાકચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ વિષયક સમજ આપવામાં આવી હતી.

સમગ્ર જીલ્લામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત સ્વચ્છતાલક્ષી વિવિધ સ્પર્ધા, નાટકની પ્રસ્તુતી થકી નાગરીકોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત્ત કરવામાં આવી રહ્યાં છે.

સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ માટે જીલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં નિયમિત સ્વચ્છતા જળવાઈ રહે તે માટે સૌને સહિયારા પ્રયત્ન કરવા અનુરોધ છે. સમગ્ર અમરેલી જીલ્લો સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળો બને, રોગચાળા મુકત બને રોગચાળા મુકત બને તે બાબતે સૌને સ્વચ્છાગ્રહી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.



# હામાપુર : BIS રાજકોટ બ્રાન્ચ દ્વારા એલ.કે.બી. હાઇસ્કૂલ ખાતે મેગા પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઇ



બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (બીઆઈએસ) રાજકોટ બ્રાન્ચ દ્વારા હામાપુર સ્થિત શ્રીમતી એલ.કે. બાબરિયા હાઈસ્કૂલ ખાતે 'વર્લ્ડ સ્ટાન્ડર્ડ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. પોસ્ટર મેકિંગ સહિતની વિવિધ સ્પર્ધાઓથી વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શકિતઓ ખીલે છે. સમગ્ર અમરેલી જિલ્લામાંથી ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈને 'સ્ટાન્ડર્ડ ફોર કલાઈમેટ ચેન્જ' વિષય પર પોસ્ટર બનાવ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે હામાપુર એલ.કે.બી. હાઈસ્કૂલના આચાર્ય વિપુલભાઈ ભટ્ટ સહિતના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સભ્ય ઈલાબેન માયાણી સહિતના સભ્યો, બગસરા પ્રાંત અધિકારી નંદા, રાજકોટ બીઆઈએસના વૈજ્ઞાનિક અને નિર્દેશક શુકલા, તાલુકા વિકાસ અધિકારી સહિતના ઉપસ્થિત રહ્યા હતા. તેમ હામાપુર શ્રીમતી એલ.કે. બાબરિયા હાઈસ્કૂલના આચાર્યએ એક યાદીમાં જણાવ્યુ છે.

# કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધીની પદયાત્રામાં માઈ ભકતો ઉમટયા



ખોડલધામ ટ્રસ્ટ કાગવડની દર વર્ષની પરંપરા મુજબ આસો નવરાત્રિના પ્રથમ દિવસે પદયાત્રા યોજાઈ હતી. ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના આગેવાનીમાં આજે ૩ ઓકટોબરને ગુરૂવારના રોજ કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધી યોજાયેલી આ પદયાત્રામાં મોટી સંખ્યામાં ભકતો જોડાયા હતાં અને પ્રથમ નોરતે મહાઆરતી, ધ્વજારોહણ અને યજ્ઞ થકી માં ખોડલના પોંખણાં કરી નવરાત્રિનો શુભારંભ કર્યો હતો. પ્રથમ નોરતે યોજાયેલી પદયાત્રા પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે સૌ કોઈને નવરાત્રિના શુભ દિવસોની શુભકામના પાઠવી હતી. વધુમાં નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષે ખોડલધામ કાગવડ ટ્રસ્ટ દ્વારા ગુજરાતભરમાં ૩૭ જગ્યાએ ગરબીઓ થવા જઈ રહી છે. દર વર્ષે ખોડલધામ મંદિર તરફ લોકોની આસ્થા અને શ્રદ્ધા પણ વધતી જાય છે. આજના આ દિવસે માં ખોડલને પ્રાર્થના કરીએ કે આપણી સંગઠનની જયોત થજે પ્રજવલ્લિત કરી છે તેને આંચ ન આવે. આપણે સૌ સમાજના કામ કરતાં કરતાં રાષ્ટ્રની સેવામાં આગળ વધીએ. ખોડલધામ કેન્સર હોસ્પિટલાનું ખૂબ મોટું કામ કરવા જઈ રહ્યું છે. આગામી એકાદ મહિનામાં હોસ્પિટલનું કામ પણ શરૂ થઈ જશે. સર્વ સમાજ માટે થવા જઈ રહેલો આ સેવાયજ્ઞ આપણે સૌ સાથે મળીને પૂર્ણ કરે તેવી માં ખોડલને પ્રાર્થના કરૂં છું. પ્રથમ નોરતે યોજાયેલી પદયાત્રામાં જોડાવા વહેલી સવારથી જ કાગવડ ગામે શ્રદ્ધાળુઓ પહોંચી ગયા હતાં. ૩ ઓકટોબરને ગુરૂવારના રોજ સવારે ૭-૩૦ કલાકે ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલનું કાગવડ ગામવાસીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નરેશભાઈ પટેલે કાગવડ ગામ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાજંલિ અર્પણ કરી હતી. ત્યારબાદ કાગવડ ગામે પ્રાથમિક શાળામાં નરેશભાઈ પટેલ અને અન્ય ટ્રસ્ટીઓએ દિપ પ્રાગટય કર્યુ હતું. સંબોધન નરેશભાનઈ પટેલ દ્વારા રથમાં બિરાજમાન મા ખોડલની આરતી કરવામાં આવી હતી. આરતી પૂર્ણ થતાં જ નરેશભાઈ પટેલે પદયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું પદયાત્રામાં મા ખોડલના રથની આગેવાનીમાં ડી.જે.ના તાલે ગરબા રમતાં રમતાં મા ખોડલના જય જયકાર સાથે ભકતો કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધી પહોંચ્યા હતાં. પદયાત્રા મંદિરના પટાંગણમાં પહોંચ્યા બાદ મા ખોડલના ચરણોમાં શીશ ઝુકાવીને ભાવિકોએ આશીર્વાદ લીધા હતાં. મંદિરે મા ખોડલની મહાઆરતી કરવામાં આવી હતી. ત્યારબાદ ખોડલધામ મંદિરના શિખર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. દર વર્ષની માફક આ વર્ષે પણ યજ્ઞ શાળામાં યજ્ઞ કરવામાં આવ્યો હતો. પદયાત્રામાં જોડાયેલા ભકતો માટે ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા ફરાળ નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. પદયાત્રાના માર્ગ પર ભકતોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સ્વયંસેવકોની ટીમ પણ ખડેપગે રહી હતી અને પાણી સહિતની વ્યવસ્થા સારી રીતે સંભાળી હતી. આ પદયાત્રામાં ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ટ્રસ્ટીઓ સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન રાજકોટના ટ્રસ્ટીઓ, લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન વેરાવળ સોમનાથના ટ્રસ્ટીઓ ખોડલધામના જીલ્લા, તાલુકાન અને ગ્રામ્ય કન્વીનરો, ખોડલધામ મહિલા સમિતિ, ખોડલધામ લિગલ સમિતિ, ખોડલધામ યુવા સમિતિ, ખોડલધામ મીડિયા સમિતિ, ખોડલધામ લિગલ સમિતિ, ખોડલધામ શિક્ષણ પાંખ, અન્ય વિવિધ સમિતિઓ રાજકોટ સરદાર પટેલ સોશિયલ ગ્રુપના સભ્યો, અટકથી ચાલતા લેઉવા પટેલ સમાજના પરિવારના સભ્યો, સમાજની સંસ્થાઓના સભ્યો અને સમાજના ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતાં. નવરાત્રી દરમિયાન ખોડલધામ મંદિરે યજ્ઞશાળામાં હવન કરવામાં આવશે અને મા ખોડલને રોજ અવનવા શણગાર અને ધ્વજારોહણ કરી ભકતો મા ખોડલની આરાધના કરશે. નવરાત્રિ હોવાથી મંદિર પરિસરો લાઈટિંગ અને ફૂલોથી શણગારી દેવામાં આવ્યું છે.

### તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરીનું નિવેદન

## રાજયમાં વર્ષ ૨૦૨૧માં કોરોનામાં ૭.૨૫ લાખ લોકોના મૃત્યુ થયા

### રાજયનાં આરોગ્ય વિભાગનું તારણ હોવાનું જણાવ્યું

અમરેલી, તા. ૩

તાજેતરમાં જ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા વર્ષ - ૨૦૨૧માં કોરોનાના કોહરામમાં સમગ્ર ગુજરાત રાજયમાં મૃત્યુ પામેલા લોકોની સાચો આંકડો બહાર પાડવામાં આવ્યો છે, જેમાં ગુજરાતની ભાજપ સરકારની કોરોના કાળમાં નિષ્ફળતાની પોલ ખૂદ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે જ પોલ ખોલી નાખી છે, વર્ષ ૨૦૨૧માં સમગ્ર ગુજરાત રાજયમાં કોરોનાના કોહરામમાં ૭.૨૫ લાખ લોકોના મૃત્યુ થયા હતા, જે તે સમયે ગુજરાતની ભાજપ સરકારની પોતાની નિષ્ફળતા છુપાવવા માટે કોરોના કાળમાં મૃત્યુ પામેલા લોકોનો સાચો અખાંકડો છુપાવ્યો હતો અંતે ભાજપ સરકારનું પાપ છાપરે ચડીને પોકારતા



કોરોના કાળનો સાચો મૃત્યુ આંક બહાર આવી ગયો છે, વર્ષ ૨૦૨૧ના કોરોના કાળમાં ગુજરાતની ભાજપ સરકારની નિષ્ફળતા અને જૂઠાણું લોકો સમક્ષ ખુલ્લુ પાડવા માટે તે સમયના ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણીએ પોતાની વિધાનસભા અમરેલી-કુંકાવાવ-વડિયામાં કોંગ્રેસ સંગઠનની ટીમની સાથે રાખીને વિધાનસભાના દરેક ગામડાઓમાં કોરોનામાં મૃત્યુ પામેલા સર્વે કરીને ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો, જેમાં સર્વેને અંતે ચોકાવનારો આંકડો સામે આવ્યો હતો. માત્રને માત્ર અમરેલી-કુંકાવાવ-વડીયા વિધાનસભામાં જ કોરોનામાં ૩,૦૦૦ કરતા વધારે લોકો મૃત્યુ પામ્યા હતા અને સમગ્ર ગુજરાતમાં ૬ લાખ કરતા વધુ લોકો કોરોનામાં મૃત્યુ પામ્યા હતા તેમ તે સમયના ગુજરાત વિધાનસભાના વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણીએ ખાતરીપૂર્વક ગુજરાત સરકારને કહ્યું હતું. પરંતુ ગુજરાતી ભાજપ સરકાર કોરોના કાળમાં પોતાની નિષ્ફળતા છુપાવવા માટે સત્ય સ્વીકારવા તૈયાર નહોતી અંતે ગુજરાતની ભાજપ સરકારનો પાપનો ઘડો ભરાઈ ગયો હોવાથી ભાજપનો અસલી ચહેરો ગુજરાતની જનતા સમક્ષ ખુલ્લો પડી ગયો છે અને તે સમયના વિપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી કોરોના કાળના મૃત્યુ આંક બાબતે સાચા સાબિત થયા છે.

### નવરાત્રિ અને દિવાળીનાં તહેવારોમાં ગરીબ પરિવારોની મુશ્કેલીઓ વધશે

## અમરેલી જિલ્લાનાં ૬૦૦ થી વધુ રેશનિંગ દુકાન ધારકો વિવિધ પડતર માંગને લઈને અનાજનુ વિતરણ બંધ કરશે

### રાજય સરકાર ઘણા વર્ષોથી દુકાન ધારકોને ન્યાય આપતી નથી

અમરેલી, તા.૩

આજથી નવરાત્રી અને દિવાળી નજીકમાં બરાબર આ તહેવારોનાં સમયમાં રાજપભરનાં રેશનીંગનાં વેપારીઓ વિતરણ ખોરવી દેનાર છે. આથી તહેવારો ઉપર જ રાજયભરના ૩૨ લાખ રેશનીંગનાં લાભાર્થીઓની માઠી બેસશે. ત્યારે અમરેલી જિલ્લાના ૬૦૦ રેશનીંગનાં વેપારીઓએ પણ ટેકો જાહેર કરી હડતાલમાં જોડાયાનું જણાવેલ છે.

મિનીમમ કમિશન મુદ્દે રેશનીંગનાં બે રાજપ કક્ષાનાં વેપારી સંગઠનોનાં હોદેદારો અને ઓલ ગુજરાત ફેરપ્રાઈઝ શોપ એસોસિએશનનાં જણાવ્યા મુજબ મિનિમમ કમિશનની વિસંગતતાઓ નિવારવા માટે સરકારે લાંબા સમયથી આપેલું વચન હજુ પળાયું નથી. આથી શોષણથી થાકેલા વેપારીઓએ હવે ફરી લડતનો માર્ગ અપનાવ્યો છે.

આથી અમરેલી જીલ્લાના તમામ વ્યાજબી ભાવના દુકાનદારો રાજય સરકાર સાથેની પડતર માંગણીઓ માટેની હડતાલ ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસીએશન અને ગુજરાત રાજય ફેર પ્રાઈઝ શોપ (અને) કેરોસીન લાઈસન્સ હોલ્ડર્સ એસોસીએશન બંન્ને દ્વારા સંયુક્ત રીતે જાહેર કરવામા આવેલ છે જે અનુસંધાને મુખ્ય માંગણી, ૨૦૦૦૦ મીનીમમ કમીશન મેળવવા માટે બાધારૂપ ૯૭% આધાર આધારીત વીતરણની શરત રદ કરવાની સાથે મીનીમમ કમીશનમાં વધારો કરીને ૩૦૦૦૦ કરવાની છે.

કમીશન પ્રતિ કીલોગ્રામ દીઠ રૂ. ૧.૫૦ છે એને વધારીને કીલોગ્રામ દીઠ રૂપિયા ૩ કરવા માટેની છે. વીતરણ કરવામાં ગોડાઉનથી લઈને દુકાનમાં છુટક વિતરણ સુધીમા પડતી ઘટ બાબતે એટલે કે કુલ વિતરણમાં ૧% ની વિતરણ ઘટ મંજુર કરવા મુખ્ય માંગણી છે. તેથી હાલની માંગણીઓ નાના અને મોટા તમામ દુકાનદારો માટે લાભદાયક હોય તેથી અમરેલી જીલ્લા વતી રાજય એસોસીએશનને સંપુર્ણ ટેકો જાહેર કરીને કોઈપણ દુકાનદારે ચલણ જનરેટ કરવુ નહી, પૈસા ભરવા નહી અને ગોડાઉન ખાતેથી એમ.ડી.એમ. સિવાયનો માલ દુકાને ના ઉતારવા માટે અમરેલી જીલ્લા ફેર પ્રાઈઝ શોપ એસોસીએશન દ્વારા જણાવવામાં આવેલ છે.

### સ્લેબનાં હુંકમાં ટીંગાયેલ બરણી લેવા જતાં

## વડિયાનાં ભૂખલી સાંથળીનાં પ્રૌઢનું બરવાળા બાવળ ગામે વીજશોકથી મોત

### ફૈ નાં ઘરે આંટો મારવા ગયા અને મોતને ભેટયા

અમરેલી, તા. ૩

વડિયા તાલુકાના ભુખલી સાંથળી ગામે રહેતા હીરાભાઈ ગોબરભાઈ જાદવ નામના ૪૫ વર્ષિય આધેડ તા. ૧/૧૦નાં સાંજના આશરે સાડા આઠેક વાગ્યે બરવાળા બાવળ ગામે પોતાના ફઈનાં ઘરે આંટો મારવા ગયેલ હતા. ત્યાં સ્લેબનાં હુંકમાં બરણી ટીંગાડેલ હોય ત્યાંથી બરણી લેવા જતાં અચાનક કયાંક ઈલેકટ્રીક વાયર લીક હશે જેથી તેમને ઈલેકટ્રીક શોક લાગવાથી મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

બાબરામાં મકાન વેચવાનું છે
બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે
૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોઢું, સ્ટોર રૂમ તથા ટોયલેટ
રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં - બાબરા
સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...
બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અઘધઘ.... ખજાનો......
રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રૂપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....
નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે
હોલસેલ..... હોલસેલ......
ફકત વેપારીઓ જ સંપર્ક કરે...
સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮

પિતૃઓના શ્રાદ્ધ નિમિત્તે...
• મોહનથાળ...
• બુંદી...
• મગીયા લાડું...
માટે ઓર્ડર બુક કરાવો...
શિવ ફરસાણ (ધારીવાળા)
ખમણ હાજરમાં મળશે. ખજૂરની ચટણી સાથે...
શુદ્ધ ઘીમાં મઘમઘતાં... ચુરમાના લાડુ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલ.













### કેન્દ્રીય મંત્રી અમિત શાહ દ્વારા ટેલિ-રિહેબિલિટેશન સેન્ટરનો શુભારંભ

# અમદાવાદમાં દેશના પ્રથમ ટેલિ-રિહેબિલિટેશન સેન્ટરનો શુભારંભ

## કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી બાદ રાજ્યમાં જિલ્લા સ્તરે પણ બાળકોને સાઉન્ડ થેરાપી આપવામાં આ સેન્ટર આશીર્વાદરૂપ સાબિત થશે

અમદાવાદ,તા.૩

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે ગુરુવારે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે દેશના પ્રથમ ટેલિ-રિહેબિલિટેશન સેન્ટરનો શુભારંભ કરાવ્યો હતો. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિત રહ્યા હતા. કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરી બાદ રાજયમાં જિલ્લા સ્તરે પણ બાળકોને સાઉન્ડ થેરાપી આપવામાં આ સેન્ટર આશીર્વાદરૂપ સાબિત થશે. ઓડિયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કૉલેજના વિસ્તરણ અને આધુનિકરણનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.કોક્લિયર ઈમ્પ્લાન્ટ કરવામાં આવેલાં બાળકો સાથે કેન્દ્રીય મંત્રી અમિત શાહે સંવાદ સાધીને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ટેલિ-રિહેબિલિટેશન સેન્ટરની મદદથી જિલ્લા સ્તરે ડિસ્ટ્રિક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર (DEIC) ખાતે કોક્લિયર ઈમ્પ્લાન્ટ કરાયેલાં બાળકોને સ્પીચ થેરાપી સેશનના લાભ મળી રહેશે. વધુમાં કોક્લિયર ઈમ્પ્લાન્ટ સંદર્ભે 'A Comprehensive Guide to Hearing, Speech, and Language Development in Children with Cochlear Implants.' પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતુ. અમિત શાહે ટેલિ-રિહેબિલિટેશન સેન્ટરનો શુભારંભ કરાવીને સેન્ટર મુલાકાત લઈ સમગ્રતયા કામગીરીનું નિરીક્ષણ પણ કર્યું હતુ.

મહત્ત્વપૂર્ણ છે કે, કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવેલા બાળકોને રિહેબિલિટેશનમાં સ્પીચ થેરાપીની તાકીદે જરૂરિયાત રહેતી હોય છે. ગુજરાતના વિવિધ વિસ્તારમાંથી બાળકોને અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલમાં આ થેરાપી સેશન માટે આવવું પડતું હતું. અમદાવાદથી દૂર રહેતા દર્દીઓને મુસાફરી ખર્ચ, ઓડિટરી વર્બલ થેરાપીના અભાવના પરિણામે આ લાભ નહિવત પ્રમાણમાં મળતો હતો. જેના કારણે બાળકમાં સાંભળવાનું તથા બોલવાનો વિકાસ અપૂરતો રહી જતો હતો. જેથી કેટલાક કિસ્સામાં આ કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરીનું સફળ પરિણામ મળતું ન હતું. રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૫ લાખના ખર્ચે RBSK, PIU, DEIC તથા ઓડિયોલોજી કૉલેજની મદદથી ટેલિ-રિહેબિલિટેશન માટે અગત્યની વ્યવસ્થા ઊભી કરાઈ છે. જેથી આ કાર્યક્રમના સાર્થક પરિણામ મળે અને બાળકો સર્જરી બાદ બોલતા અને સાંભળતા પણ થાય. ટેલિ-રિહેબિલિટેશનની મદદથી હવે જિલ્લા સ્તરે ડિસ્ટ્રિક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર(DEIC) ખાતે કોક્લિયર ઈમ્પ્લાન્ટ કરાયેલાં બાળકોને સ્પીચ થેરાપી સેશનના લાભ મળી રહેશે. આ સેન્ટરથી વીડિયો કોલિંગ કરીને સાઉન્ડ પ્રુફ અદ્યતન રૂમ્સમાં આવાં બાળકોને થેરાપી આપવામાં આવશે. આ કેન્દ્રો પણ પીડિયાટ્રિક ,ઓડિયોલોજિસ્ટ અને આર.બી. એસ.કે. વર્ક્સ એક સાથે કનેક્ટ થશે. અગાઉ ફક્ત ઓડિયો માધ્યમથી આ સેવા ઉપલ્બધ હતી. હવે આ ટેલી-રિહેબિલિટેશન સેન્ટર કાર્યરત બનતા વીડિયો કોલિંગના માધ્યમથી સમગ્ર થેરાપી હાથ ધરાશે.ઓડિયોલોજી કૉલેજના વિસ્તરણ અને આધુનિકરણ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩૫ લાખ ફાળવવામાં આવ્યા છે. જેની મદદથી આંતરાષ્ટ્રીય સ્તરના નવા ૭ સાઉન્ડપ્રૂફ રૂમ બનાવવામાં આવ્યા છે. આ સાઉન્ડ પ્રૂફ રૂમના બનવાથી સાંભળવાની, બોલવાની, ચક્કરની તકલીફ તથા જેમને પક્ષઘાત પછી થતી ખોરાક ગળવાની તકલીફ હોય તેવા દર્દીઓ તેમની તપાસણી સાથે થેરાપી રૂપે સારવાર મેળવી શકશે. ઓડિયોલોજી કોલેજમાં વેસ્ટિબ્યુલોનીસ્ટેગ્મોગ્રાફી (VNG) વસાવવામાં આવ્યું છે. આ સાધન, ચક્કર આવાનાં કારણો શોધવામાં મદદરૂપ છે. દર્દીને કાનમાં તકલીફ હોવાના કારણે કે મગજમાં તકલીફ હોવાના કારણે ચક્કર આવે છે, તે આ સાધનના મદદથી નિદાન કરી શકાશે. તદ્ઉપરાંત સ્ટ્રોક, ગળાનું કેન્સર કે કોઈ અન્ય ચેતાતંત્રની તકલીફના કારણે ખોરાક ગળવાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે આધુનિક સાધન વાઈટલ સ્ટીમ્યુલેશન વસાવવામાં આવ્યું છે. આ સાધન ગળાના ખોરાક ગળવાની સ્નાયુને ઉત્તેજિત કરે છે.

'A Comprehensive Guide to Hearing, Speech, and Language Development in Children with Cochlear Implants.' નામના પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતુ. આ પુસ્તક કોક્લિયર ઈમ્પ્લાન્ટ ધરાવતા બાળકોમાં વિવિધ સ્તરે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શ્રવણ, વાણી અને ભાષાના વિકાસને દર્શાવવા માટે બનાવાયું છે. આ પુસ્તકમાં સાંભળવાનું તથા બોલવાનું અને ભાષાના ક્ષમતાના વિકાસ પર કેન્દ્રિત ત્રણ મૉડ્યુલનો સમાવેશ થાય છે. જે નિષ્ણાત અને માતા-પિતાને બાળકના સાંભળવાનું, બોલવાનું અને ભાષાના વિકાસ સાથે સંકળાયેલા નિશ્ચિત લક્ષ્યો નિર્ધારિત કરવામાં અને તેની પ્રવૃત્તિઓ પસંદ કરવામાં સહાયતા કરશે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૧માં રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માન્યતા સાથે ૨૦ વિદ્યાર્થીઓની બેઠકોની મંજૂરી સાથે ઓડિયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કોલેજ શરૂ કરાઈ હતી. આ કૉલેજ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. બેચલર ઈન ઓડિયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજીનો અભ્યાસક્રમ કુલ ૪ વર્ષનો છે, જેમાં ૩ વર્ષ અભ્યાસક્રમ અને ૧ વર્ષ ઈન્ટર્નશીપ છે. અમદાવાદના સોલા ખાતેની G.M.E.R.S. મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ એ રાજ્યમાં બેચલર ઈન ઓડિયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજી અભ્યાસક્રમ શરૂ કરનાર સર્વપ્રથમ સરકારી મેડિકલ કૉલેજ છે. હાલમાં ભારતનાં ૪ રાજ્યોમાં સરકાર દ્વારા આ અભ્યાસક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. શરૂઆતમાં કૉલેજ ખાતે કુલ ૩ સાઉન્ડપ્રૂફ અને ૭ સ્પીચ થેરાપી રૂમના ક્લિનિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સાંભળવાની તકલીફ અને બોલવાની તકલીફ ધરાવતા તથા કોક્લિયર ઈમ્પ્લાન્ટવાળા દર્દીઓને સેવા આપવામાં આવતી હતી.

# હરિયાણામાં નેતાએ ભાજપની રેલીમાં હાજરી આપી અચાનક કોંગ્રેસમાં જોડાયા

## સત્તાધારી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો માટે વોટની અપીલ કરતા અશોક તંવર હવે કોંગ્રેસી બની ગયા હતા

હરિયાણા,તા.૩

કોઈપણ ચૂંટણીમાં જ્યાં સુધી મતદાન ન થાય ત્યાં સુધી પવનની દિશા બદલાય તેવી શક્યતા રહે છે. આ કહેવત મતદારોને લાગુ પડે છે પરંતુ નેતાઓ માટે પણ તે સાચું જણાઈ રહ્યું છે. કારણકે હરિયાણાની ચૂંટણીમાં એવું જ કંઈક બન્યું છે. લગભગ એક કલાક પહેલા સુધી સત્તાધારી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો માટે વોટની અપીલ કરતા અશોક તંવર હવે કોંગ્રેસી બની ગયા છે. હરિયાણા ચૂંટણીના પ્રચારના અંતના થોડા કલાકો પહેલા અશોક તંવર રાહુલ ગાંધીની જીંદ રેલીમાં પહોંચ્યા અને કોંગ્રેસમાં જોડાયા હતા. અશોક તંવર હરિયાણા કોંગ્રેસના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. અશોક તંવરનો રાહુલ ગાંધીના મંચ પર પહોંચવાનો અને પાર્ટીમાં જોડાવાનો વીડિયો કોંગ્રેસ દ્વારા તેના સત્તાવાર હેન્ડલ પરથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરવામાં આવ્યો છે. અશોક તંવર પણ હરિયાણા ચૂંટણી માટે ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં હતા. ભાજપે તેમને પ્રચાર સમિતિના સભ્ય પણ બનાવ્યા હતા. પૂર્વ સાંસદ અશોક તંવર પણ રાહુલ ગાંધીની રેલીમાં પહોંચતા પહેલા ભાજપના ઉમેદવારોની તરફેણમાં પ્રચાર કરી રહ્યા હતા. કોંગ્રેસમાં સામેલ થવાના લગભગ એક કલાક પહેલા અશોક તંવરે પોતાના એક્સ હેન્ડલ પર ભાજપના ઉમેદવારના સમર્થનમાં યોજાયેલી રેલીની તસવીરો પોસ્ટ કરી હતી. અશોક તંવરે નલવા વિધાનસભા ક્ષેત્રમાંથી ભાજપના ઉમેદવાર રણધીર પનિહારના સમર્થનમાં એક દિવસ પહેલા યોજાયેલી રેલીની તસવીરો પોસ્ટ કરીને જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે નાયબ સિંહ સૈનીના નેતૃત્વમાં ત્રીજી વખત ભાજપની સરકાર બનશે. પૂર્વ સાંસદ અશોક તંવર ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે પણ ભાજપના ઉમેદવારોની તરફેણમાં પ્રચાર કરી રહ્યા હતા. રાહુલ ગાંધીની રેલીના મંચ પર પહોંચવાના લગભગ બે કલાક પહેલા, તેઓ જીંદની સફીદો વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર રામકુમાર ગૌતમના સમર્થનમાં આયોજિત રેલીમાં પણ મંચ પર હતા. અશોક તંવરે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર આ રેલી સાથે જોડાયેલી તસવીરો પણ શેર કરી હતી. તેઓ કોંગ્રેસમાં જોડાયા બાદ હવે આ પોસ્ટ ડિલીટ કરવામાં આવી છે.આ રેલીની તસવીરો શેર કરતાં અશોક તંવરે લખ્યું હતું કે, આજે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે સફીદોન (જીંદ)થી ભાજપના ઉમેદવાર રામકુમાર ગૌતમજીની તરફેણમાં આયોજિત જન આશીર્વાદ રેલીમાં ભાગ લેનારાઓને સંબોધિત કર્યા અને ૫મી ઓકટોબરે તેમણે હરિયાણાના ભાજપના ઉમેદવારોને વિજયી બનાવવાની અપીલ કરી હતી અને હરિયાણાની જનતા ત્રીજી વખત ભાજપની સરકાર બનાવવા જઈ રહી છે.

### નિર્માણમાં ઓછામાં ઓછા ૧૨૦ દિવસનો લાગશે સમય

# અયોધ્યા રામ મંદિરના મુખ્ય શિખરનું નવરાત્રિના પહેલા દિવસથી કાર્ય શરૂ

## મંદિર નિર્માણ સાથે સબંધિત તમામ એજન્સીઓ અયોધ્યા પહોંચી

અયોધ્યા, તા.૩

અયોધ્યામાં રામ મંદિરના મુખ્ય શિખરનું નિર્માણ કાર્ય નવરાત્રિના પ્રથમ દિવસથી શરુ થઈ ગયું છે. સૌથી પહેલા મંદિર નિર્માણ સ્થળ પર પૂજા કરવામાં આવી અને પછી શિખરના મુખ્ય પથ્થરની મંદિર પરિસરમાં પૂજા કરવામાં આવી. મંદિર નિર્માણ સાથે સબંધિત તમામ એજન્સીઓ અયોધ્યા પહોંચી છે. મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્ર પણ અયોધ્યામાં જ છે.

નાગર શૈલીમાં બનનારા મંદિરમાં શિખર નિર્માણ પણ એ જ શૈલીનું હશે જેને સોમપુરા આર્કિટેક્ટ્સ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે. જેને પહેલાં જ ટ્રસ્ટે ફાઈનલ કરી દીધું હતું. આખા મંદિરની શિખર સુધીની ઊંચાઈ ૧૬૧ ફૂટ છે. શિખરના નિર્માણમાં ઓછામાં ઓછા ૧૨૦ દિવસનો સમય લાગશે. શિખર પર ધર્મ ધ્વજ પણ હશે. મંદિરમાં શિખર સૌથી મુશ્કેલ માનવામાં આવે છે, તેનું નિર્માણ શરુ થતાં સમયે તમામ એજન્સીના પ્રતિનિધિ હાજર રહ્યા હતા. રામ મંદિરના નિર્માણની વિશેષતાઓને ધ્યાનમાં રાખીને શિખરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. તેના માટે તેની મજબૂતી અને સુંદરતા બન્નેનું ધ્યાન રાખવામાં આવશે. સોમપુરા આર્કિટેક્ટ્સ ઉપરાંત કન્સ્ટ્રક્શન એજન્સી લાર્સન એન્ડ ટુબ્રો, સેન્ટ્રલ બિલ્ડિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ રુડકી, નેશનલ જિયોફિઝિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના નિષ્ણાતો પણ હાજર હતા. રામ મંદિરમાં આવતાં રામભક્તોને ટૂંક સમયમાં રામ દરબારના પણ દર્શન થશે. આવતા વર્ષે હોળી પહેલાં રામ દરબારની સ્થાપના થઈ જશે, બેઠકમાં આ અંગે પણ ચર્ચા થઈ હતી. રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ માહિતી આપી છે કે રામ દરબારની ડિઝાઈનનું કામ પૂર્ણ થઈ ગયું છે. રામ દરબાર આરસનો હશે. રામ દરબાર તેના પૂર્ણ સ્વરૂપમાં હશે જેમાં રામ, સીતા, ત્રણ ભાઈઓ અને હનુમાનજીની મૂર્તિઓ હશે. શિલ્પકાર વાસુદેવ કામથે તેની ડિઝાઈનને મંજૂરી આપી દીધી છે, આવતા વર્ષે હોળી પહેલાં રામ દરબાર સ્થાપિત થઈ જશે.જો કે મંદિરના સમગ્ર ભવનનું બાંધકામ પૂર્ણ થવામાં નિર્ધારિત સમય કરતાં બે મહિનાનો વધુ સમય લાગશે. મંદિરના પરકોટા અને સપ્ત મંડપનું કામ પણ ચાલી રહ્યું છે. મુખ્ય ભવન ઉપરાંત લેન્ડસ્કેપિંગનું કામ પણ કરવામાં આવી રહ્યું છે. ગ્રાઉન્ડ ફ્લોરનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે અને પહેલા માળનું બાંધકામ લગભગ ૯૦% પૂર્ણ થઈ ગયું છે.

### ભાજપના નેતા રૂપા ગાંગુલીની ધરપકડ

# મહાભારતમાં દ્રૌપદીનું પાત્ર ભજવનાર રૂપા ગાંગુલીની ધરપકડ

## પોલીસના જણાવ્યા અનુસાર ગાંગુલીની પોલીસકર્મીઓના કામમાં અવરોધ ઉભો કરવા બદલ ધરપકડ કરવામાં આવી

નવી દિલ્હી, તા.૩

બીઆર ચોપરાની ટીવી સિરિયલ 'મહાભારત'માં દ્રૌપદીનો રોલ કરનાર અને રાજયસભાના ભૂતપૂર્વ સભ્ય અને ભાજપના નેતા રૂપા ગાંગુલીની ધરપકડ કરવામાં આવી છે. સ્થાનિક મહિલા બીજેપી નેતા રૂબી દાસની મુક્તિની માગણી સાથે તે બુધવાર રાતથી દક્ષિણ કોલકાતામાં પોલીસ સ્ટેશનની સામે ધરણા પર બેઠી હતી.બુધવારે સાંજે ધરપકડ કરાયેલા ભાજપના સમર્થકોમાં દાસ પણ સામેલ હતા. આ તમામ શાળાના બાળકના મોતનો વિરોધ કરી રહ્યા હતા. બાઈક પેલોડર સાથે અથડાઈ હતી. તેનો ઉપયોગ કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન (KMC)ના કર્મચારીઓ રસ્તાના સમારકામ માટે કરી રહ્યા હતા.કાર્યકર્તાઓની ધરપકડના સમાચાર મળતાની સાથે જ ગાંગુલી દક્ષિણ કોલકાતાના સ્થાનિક બાંસદ્રોણી પોલીસ સ્ટેશન પહોંચ્યા અને ત્યાં દાસની મુક્તિની માંગ સાથે વિરોધ શરૂ કર્યો. ગાંગુલીએ દાવો કર્યો હતો કે દાસ અને બીજેપીના અન્ય સમર્થકો જ્યારે તૃણમૂલ કોંગ્રેસના સ્થાનિક કાર્યકરો દ્વારા હુમલો કરવામાં આવ્યો ત્યારે તેઓ શાંતિપૂર્ણ વિરોધ કરી રહ્યા હતા. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે હુમલાખોરો સામે કાર્યવાહી કરવાને બદલે પોલીસે દેખાવકારોની જ ધરપકડ કરી હતી. ગાંગુલી આખી રાત હડતાળ પર બેઠા હતા અને આખરે ગુરુવારે સવારે ૧૦ વાગ્યે કોલકાતા પોલીસે તેની ધરપકડ કરી હતી. ટૂંક સમયમાં જ તેને પોલીસ વાહનમાં બાંસદ્રોણી પોલીસ સ્ટેશન પરિસરમાંથી લઈ જવામાં આવ્યા.તેની ધરપકડ બાદ ગાંગુલીએ આરોપ લગાવ્યો હતો કે પોલીસે તેને તેની બેગ પણ લેવા દીધી ન હતી. આ દરમિયાન, પોલીસના જણાવ્યા અનુસાર, ગાંગુલીની પોલીસકર્મીઓના કામમાં અવરોધ ઉભો કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. આ દરમિયાન, શાળાના બાળકના કમનસીબ મોતને લઈને સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો ગુસ્સે છે કે તૃણમૂલ કોંગ્રેસના કાઉન્સિલર અનીતા કર મજુમદાર અકસ્માતના કલાકો સુધી ઘટનાસ્થળે પહોંચ્યા ન હતા. રૂપા ગાંગુલી હિન્દી અને બંગાળી સિનેમા જગતનું જાણીતું નામ છે. ટીવી શો મહાભારતમાં દ્રૌપદીના પાત્રથી તે દરેક ઘરમાં જાણીતી બની હતી. બાદમાં તે ભાજપમાં જોડાઈ અને રાજ્યસભાના સભ્ય પણ બન્યા.

### શહેરનો વિકાસ બતાવવા તંત્રએ રાતોરાત રોડ બનાવ્યો

# અમરેલીમાં નવો બનાવેલો રોડ હવે બિસ્માર હાલતમાં

## અમરેલીમાં મુખ્યમંત્રી મુલાકાતે આવ્યાના ૧૫ દિવસ બાદ નવો બનાવેલો રોડ હવે બિસ્માર હાલતમાં છે

અમરેલી, તા.૩

ગત ૨૦ સપ્ટેમ્બરે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમરેલીની મુલાકાતે આવ્યા હતા. જેથી તંત્ર રાતોરાત સફાળુ જાગી ખાડાઓ પુરી પેચવર્ક કરી રોડ બનાવી દીધો હતો. પરંતુ પેચવર્ક કર્યાના ૧૫ દિવસમાં જ અમરેલી-સાવરકુંડલા નેશનલ હાઈવે પર મોટા ગાબડાં પડી ગયા છે. જેના લીધે વાહનચાલકો ફરી મુશ્કેલીમાં મુકાયા છે. એટલા મોટા ગાબડાં પડી ગયા છે કે જો કોઈ વાહન ખાડામાં પડે તો મોટો અકસ્માત પણ સર્જાઈ શકે છે. અમરેલી જિલ્લામાં જ્યારે કોઈ નેતા આવવાના હોય છે ત્યારે તેમના રૂટ પરના તમામ રસ્તા ચકાચક બનાવી તેવા માટે તંત્ર દિવસરાત એક કરી નાખે છે. પરંતુ ફક્ત દેખાડા પુરતા સમારકામના કરાયેલા આવા રસ્તા ફરી પાછા ખખડધજ બની જાય છે. જે અંગે લોકો ગમે તેટલી ફરિયાદ કરે પરંતુ સમારકામ કે પેચવર્ક પણ નથી કરાતુ. સ્થાનિકોને તે માટે ફરી કોઈ નેતા તેમના વિસ્તારમાં આવે તેની રાહ જોવી પડે છે. અમરેલી-સાવરકુંડલા નેશનલ હાઈવેની આ તસવીરો તેનો બોલતો પુરાવો છે. ૧૫ દિવસ પહેલાં જે રસ્તાઓ સુંવાળા ગાલ જેવા બનાવી દેવામાં આવ્યા હતા ત્યાં આજે મોટા મોટા ગાબડાં જોવા મળી રહ્યા છે.૨૦ સપ્ટેમ્બરે મુખ્યમંત્રી મુલાકાત લેવાના હોવાથી ૧૯ સપ્ટેમ્બરે રાતોરાત ખાડાઓ પુરી પેચવર્ક કરીને સુંદર રોડ બનાવી ગયા હતા. પરંતુ નબળી ગુણવત્તાના કામના લીધે ખાડાઓ પડી ગયા છે. આ રોડ પરથી જતા વાહન અને વાહનમાં સવાર લોકો હલબલી જાય છે. પરંતુ તંત્રના પેટનું પાણી પણ હલતું નથી. સ્થાનિકોનો આક્ષેપ છે કે એક વર્ષ અગાઉ એક નેતા અમરેલીની મુલાકાતે આવ્યા હતા ત્યારે તેમના વિસ્તારનો રોડ સરાસ બનાવી દેવાયો હતો, ખાડા પણ પુરી દેવાયા હતા. પરંતુ ત્યારબાદ ગણતરીના દિવસોમાં જ ફરી ખાડા પડી ગયા હતા. હવે આ વિસ્તારમાં ફરી કોઈ મોટા નેતા આવે તેની સ્થાનિકો રાહ જોઈ રહ્યા છે.

### ચાંદીના ભાવમાં ઘણો ચઢાવ ઉતાર

# નવરાત્રિના તહેવાર પહેલા જ દિવસે સોનું થયું સસ્તું

નવી દિલ્હી, તા.૩

સોનાના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ઘરેલુ વાયદા બજારમાં પણ ગુરુવારે સવારે સોનું ઘટાડા સાથે ટ્રેડ થતું જોવા મળ્યું. MCX એક્સચેંજ પર ૫ ડિસેમ્બર ૨૦૨૪ની ડિલિવરી વાળું સોનું ૦.૨૫ ટકા અથવા ૧૮૮ રૂપિયાના ઘટાડા સાથે ૭૬,૨૦૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થતું જોવા મળ્યું. મિડલ ઈસ્ટમાં સંઘર્ષ વધવા અને ડોલર ઈન્ડેક્સમાં મજબૂતીને કારણે સોના ચાંદીના ભાવમાં ઘણો ચઢાવ ઉતાર જોવા મળી રહ્યો છે.સોનાથી અલગ, ચાંદીના ઘરેલુ વાયદા ભાવમાં તેજી જોવા મળી છે. MCX એક્સચેંજ પર ૫ ડિસેમ્બર ૨૦૨૪ની ડિલિવરી વાળી ચાંદી ૦.૬૮ ટકા અથવા ૬૨૫ રૂપિયાના વધારા સાથે ૯૨,૦૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થતી જોવા મળી. જ્યારે, વૈશ્વિક સ્તરે ચાંદીના ભાવ ગુરુવારે સવારે ઘટાડા સાથે ટ્રેડ થતા જોવા મળ્યા.સોનાનો વૈશ્વિક વાયદા ભાવ ઘટાડા સાથે અને હાજર ભાવ વધારા સાથે ટ્રેડ થતો જોવા મળ્યો છે. કોમેક્સ પર સોનું ૦.૨૪ ટકા અથવા ૬.૩૦ ડોલરના વધારા સાથે ૨,૬૭૬ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થતું જોવા મળ્યું. જ્યારે, સોનાનો વૈશ્વિક હાજર ભાવ ગુરુવારે સવારે ૦.૧૦ ટકા અથવા ૨.૭૮ ડોલરના ઘટાડા સાથે ૨,૬૫૫.૯૧ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થતો જોવા મળ્યો.ચાંદીના વૈશ્વિક ભાવમાં ગુરુવારે સવારે ઘટાડો જોવા મળ્યો છે. કોમેક્સ પર ચાંદીનો ભાવ ૦.૦૫ ટકા અથવા ૦.૦૧ ડોલરના ઘટાડા સાથે ૩૧.૮૯ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થતો જોવા મળ્યો. જ્યારે, સિલ્વર સ્પોટ ૦.૫૯ ટકા અથવા ૦.૨૦ ડોલરના ઘટાડા સાથે ૩૧.૬૩ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થતો જોવા મળ્યો.નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર વર્ષના અંત સુધીમાં સોનું ૭૮ હજાર રૂપિયા સુધી પહોંચી શકે છે, આગામી દિવસોમાં સોના અને ચાંદીમાં વધારો જોવા મળી શકે છે. આ વર્ષે સોનું ૭૮ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી જઈ શકે છે. સાથે જ ચાંદી પણ ૧ લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે.અમે તમને જણાવી દઈએ કે ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન દ્વારા જાહેર કરાયેલી કિંમતો વિવિધ શુદ્ધતાના સોનાની માનક કિંમત વિશે માહિતી આપે છે. આ તમામ કિંમતો ટેક્સ અને મેકિંગ ચાર્જિસ પહેલાની છે. IBJA દ્વારા જારી કરાયેલા દરો સમગ્ર દેશમાં સાર્વત્રિક છે પરંતુ તેમની કિંમતોમાં જીએસટીનો સમાવેશ થતો નથી. તમને જણાવી દઈએ કે જ્વેલરી ખરીદતી વખતે સોના કે ચાંદીના ભાવ વધારે હોય છે કારણ કે તેમાં ટેક્સ સામેલ છે.

### NEETના વિદ્યાર્થીઓ માટે મોટી જાહેરાત

# રાજ્ય સરકારે વધુ સાત જિલ્લામાં નવી મેડિકલ કોલેજો ખોલવાના દ્વાર ખોલી દીધા

અમદાવાદ,તા.૩

બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજોની નીતિમાં ફેરફાર બાદ રાજ્ય સરકારે વધુ સાત જિલ્લામાં નવી મેડિકલ કોલેજો ખોલવાના દ્વાર ખોલી દીધા છે. હાલમાં પાંચ જિલ્લાઓમાં બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજો જૂની પોલિસી હેઠળ કાર્યરત છે.આ નવી તકો નીતિ સુધારાથી ઊભી થઈ છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ૨૦૧૬માં રાજ્યની જિલ્લા કક્ષાની સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરવા અને તે જિલ્લાઓમાં હોસ્પિટલ-સંલગ્ન મેડિકલ કોલેજો ખોલવાની નીતિ બનાવવામાં આવી હતી, જેના ભાગરૂપે હાલમાં પાંચ જિલ્લામાં બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજો કાર્યરત છે. રાજ્ય, પાલનપુર, અમરેલી, દાહોદ, ભરૂચ અને તાપી-વ્યારામાં કાર્યરત છે.હવે બ્રાઉનફિલ્ડ પોલિસીમાં સુધારા સાથે બોટાદ, દેવભૂમિ-દ્વારકા, ગીર સોમનાથ, ખેડા- નડિયાદ, છોટાઉદેપુર, મહિસાગર-લુણાવાડા અને ડાંગ-આહવા એમ કુલ સાત જિલ્લામાં બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવશે. બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજની સ્થાપના થયા પછી પણ હોસ્પિટલમાં બ્લડ બેંક ફરજિયાતપણે ચાલુ રાખવી જોઈએ અને દર્દીની જરૂરિયાત અને પ્રાથમિકતાને ધ્યાનમાં રાખીને જરૂરિયાત મુજબ અને કોઈપણ પ્રકારના ભેદભાવ વિના તમામને મફત રક્ત ઉપલબ્ધ કરાવવું જોઈએ. નજીકની સરકારી સંસ્થાઓને પણ મફત રક્ત ઉપલબ્ધ કરાવવું જોઈએ.

### ગેમઝોન અગ્નિકાંડ બાદ ફાયર વિભાગની હાલત કફોડી

# ચીફ ફાયર ઓફિસર અમિત દવેએ પોતાના પદ પરથી રાજીનામું ધરી દીધું

## મારી તબિયત સારી રહેતી નથી, સારી રીતે જીવવા માંગુ છું એટલે નોકરી છોડું છું : ફાયર અધિકારી

રાજકોટ,તા.૩

રાજકોટના ચકચાર ભર્યા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ ફાયર વિભાગની હાલત કફોડી બની છે. રાજકોટ ફાયર વિભાગમાં એવી હાલત છે કે ગુજરાતનો કોઈપણ ફાયર અધિકારી રાજકોટમાં ચીફ ફાયર ઓફિસર તરીકે ફરજ બજાવવા તૈયાર નથી. રાજકોટ અગ્નિકાંડ બાદ ફાયર વિભાગનો ચાર્જ સંભાળવા કેમ કોઈ તૈયાર નથી? રાજકોટમાં ટીઆરપી ગેમિંગ ઝોનમાં બનેલી આગની ઘટનામાં નાના ભૂલકાઓ સહિત ૨૭ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ ઘટના બાદ રાજકોટ ફાયર વિભાગમાં અધિકારીઓ પર તવાઈ બોલાઈ હતી. જેને પગલે આ શહેરમાં ચીફ ફાયર ઓફિસર તરીકે કામગીરી કરવા માટે કોઈ તૈયાર નથી એ વાતનો પણ ખુલાસો થયો છે. સ્ટેશન ફાયર ઓફિસરમાંથી જેમને ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર તરીકેની જવાબદારી સોંપાઈ હતી તે અમિત દવેએ પોતાના પદ પરથી રાજીનામું ધરી દીધું છે. અગાઉ પણ તેમણે પોતાની જવાબદારીમાંથી મુક્તિ માંગી હતી. જોકે, તેમની રજૂઆત ન સાંભળવામાં આવતા આખરે તેમણે આજે મ્યુનિસિપલ કમિશ્નરને રાજીનામું ધરી દીધું છે. રાજીનામું આપ્યા બાદ ઈન્ચાર્જ ફાયર ઓફિસર અમિત દવે બોલ્યા : "મનપાએ માનવતા દાખવીને NOC વગરના ડોમ તોડી પાડવા જોઈએ. રાજકોટમાં ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર તરીકેની જવાબદારી સંભાળી રહેલાં અમિત દવેએ આજે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. અમિત દવેએ જણાવ્યું હતુંકે, રાજકોટમાં ફાયર વિભાગમાં કર્મચારીઓની ૩૦ ટકાથી પણ વધારે ઘટ છે. રાજકોટ ફાયર વિભાગ પાસે સેફ્ટીના પુરતા સાધનો પણ નથી. વ્યવસ્થાપનનો અભાવ છે. બધા સ્ટ્રેસમાં કામ કરે છે. મારી હેલ્થ સારી નથી રહેતી. બીપી, ડાયાબિટીસ અને કોલેસ્ટોલ આવી ગયા છે. ઘરની જવાબદારી પણ વધી ગઈ છે. સ્ટ્રેસ સતત રહે છે. બીજું કોઈ કારણ નથી રાજીનામું આપવાનું. મારા પર કોઈનું દબાણ નથી. પણ મારે સારું જીવન જીવવું છે એટલે મેં રાજીનામું આપ્યું છે.અમિત દવે જણાવ્યુંકે, રાજકોટના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર તરીકે મેં મોટાભાગની એનઓસી આપી દીધી છે નવરાત્રિ માટેની. હજુ ૩૦ દિવસના નોટિસ પીરિયડ પર હું છું. એટલે કોઈનું કામ નહીં અટકે. નવરાત્રિ કે દિવાળીના કામને કોઈ અડચણ નહીં થાય. એ બધા કામ પુરા કરીશ હું. ડોક્ટરના કહેવા મુજબ વર્કના સ્ટ્રેસને લીધે મને આ બધુ આવ્યું છે. હું સારી રીતે મારી જિંદગી જીવવા માંગું છું. એટલે જ મેં નોકરી છોડી છે. ઓનલાઈન ઢગલો એપલીકેશન છે. ફાઈલોનો ભરાવો છે. સર્વર કામ નથી કરતું. ફિલ્ડ વર્ક કરવું. સ્ટાફની સોટેજ છે. મારા પર વર્કનો સ્ટ્રેસ છે.

રાજકોટ અધિકારી આવવા તૈયાર નથી, એનું કારણ શું છે એ મને નથી ખબર. કોઈ રાજકીય પ્રેશર કે એવું કંઈ નથી. મેં હવે સ્ટેશન ફાયર ઓફિસર તરીકેની પોસ્ટ પરથી પણ રાજીનામું આપી દીધું છે.

# રાજુલા તાલુકાની ૬૯ ગ્રામ પંચાયતોમા સ્મોક ફ્રી વિલેજનો ઠરાવ કરવામાં આવ્યો










તમાકુના ઉપયોગથી થતી મહામારી અટકાવવા રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત સ્મોક ફ્રી વિલેજએટલેકેધુમ્રપાનમુક્તગામતેમજ વ્યસન મુક્તિ અંગેનો સંકલ્પ લેવડાવવામાંમાટેરાજુલાતાલુકાનાતમામ ગામોમાં રજી ઓક્ટોમ્બરના રોજ ગ્રામસભાનુ આયોજન કરવામા આવેલ.જેમાંરાજુલાતાલુકાની ૬૯ગ્રામ પંચાયતોમાં સ્મોક ફ્રી વિલેજનો ઠરાવ કરવામાં આવેલ. રાજુલા તાલુકાની ગ્રામસભાઓમાહાજર લોકોદ્વારાતમાકુ કેતમાકુની તમામ બનાવટોથી મુક્તથવા અનેસમાજ તમાકુના દુષણથી મુક્ત થાય તે માટે યોગદાન આપવા માટેનો તમાકુ નિષેધ સંકલ્પ લઈ ધુમ્રપાન મુક્ ગામનો ઠરાવ કરવામાં આવેલ.શાળા/કોલેજોની ૧૦૦ વારની ત્રિજયામાં કોઈ તમાકુની બનાવટોનુંવેચાણ કરેઅનેજોકોઈવેચતા હોયતોતેમનેતમાકુનિયંત્રણઅધિનિયમ ૨૦૦૩ની કલમોના ભંગ બદલ દંડ અને વસુલાતની કાર્યવાહી કરવામાં આવનાર હોવાનુ જીલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા દ્વારા જણાવેલ. ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન ૨.૦ દ્વારા રાજુલા તાલુકાના ગામડાઓનેતમાકુમુક્તકરવાપ્રયત્નોમાટે ૨૨ શાળાઓમાં આ માટેની કામગીરી કામ્યુનિટી હેલ્થ ઓફિસરો દ્વારા હાથ ધરવામાં આવનાર હોવાનું તાલુકા હેલ્થ ઓફિસર ડા.એન.વી. કલસરીયા દ્વારા જણાવી લોકોને તમાકુ મુક્ત થવા અપીલ કરાઈ હતી.ઈ.એમ.ઓ.ડો.એ.કે.સિંઘના માર્ગદર્શન હેઠળ જીલ્લા તમાકુ નિયંત્રણ સેલ અમરેલીના કાઉન્સેલર રિયાઝભાઈ મોગલ અને સોશ્યલ વર્કર નરેશભાઈ જેઠવા દ્વારા અમરેલીજીલ્લાનેતમાકુમુક્ત કરવા માટે અલગ અલગ જગ્યાએ આઈ.ઈ.સી. કેમ્પેઈન અને સ્પેશિયલ ડ્રાઈવ દ્વારા સુંદર કામગીરી કરવામા આવી રહી હોવાનુ યાદીમા જણાવેલછે.

### પુ. મોરારીબાપુ ૯૪૭મી રામકથા કરશે

## રાજકોટ ખાતે ૧૨ વર્ષ પછી યોજાનાર વૈશ્વિક રામકથાને ‘‘માનસ સદભાવના’’ નામ અપાયું

### ૨૩ નવેમ્બરથી ૧ ડીસેમ્બર સુધી કથાનું આયોજન



અમરેલી, તા. ૩

પૂ. મોરારિબાપુ પોતાની દરેક રામકથાને એક અનોખી ઓળખ આપવા માટે વિવિધ નામો આપતા હોય છે જેમ કે, માનસ રામકથા, માનસ સ્મૃતિ, માનસ કન્દ્રા, માનસ સમુદ્રાભિષેક, માનસ વસુધૈવ કુટુમ્બકમ, માનસ સપ્તશિખર, માનસ રામાયણ, માનસ મનોરથ, માનસ ચતુર્ભુજ, માનસ લોક ભારતી, માનસ રાધાઅષ્ટક, માનસ શ્રદ્ધાંજલિ, માનસ ભારત, માનસ સન્યાસ, માનસ ગેરી સ્તુતિ, માનસ કેવટ, માનસ ગીતા, માનસ હરિદ્વાર, માનસ નિર્માણ, માનસ અહલ્યા, માનસ સમાધિ, માનસ ક્ષમા, માનસ આનંદ. ૧૨ વર્ષ પછી રાજકોટમાં પૂ. મોરારિબાપુની વૈકિ રામકથાને પૂ. મોરારિબાપુએ માનસ સદભાવના નામ આપ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે પૂ. મોરારિબાપુની ૯૪૭મી રામ કથાનો પ્રારંભ ૨૩ નવેમ્બરથી થશે.

પૂ. મોરારી બાપુ દેશના પ્રખ્યાત રામકથાકાર છે. તેઓ માત્ર દેશમાં જ નહીં, પરંતુ સમગ્ર વિમાં રામકથાનું આયોજન કરે છે. પૂ. મોરારી બાપુએ ૯૪૬ કથા–પારાયણ કર્યા છે. તેમણે ગુજરાતીમાં તેમજ હિન્દીમાં પણ રામકથાનાં સુંદર પારાયણો કરેલા છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા, બ્રાઝીલ, સાઉથ આફ્રિકા, જાપાન, શ્રીલંકા, ઈન્ડોનેશિયા, ઈઝરાયેલ, યુએન સહિતનાં ઘણા દેશોમાં રામકથા કરી છે. સંયુક્ત રાષ્ટ્ર મથક ખાતે પૂ. મોરારી બાપૂની રામ કથા કરાઈ હતી તે કથામાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને તેમના પોતાના અવાજમાં અંગ્રેજી સંસ્કરણ તૈયાર કરવામાં આવ્યું હતું.

પૂ. મોરારી બાપૂએ ન્યુયોર્ક સ્થિત સંયુકત રાષ્ટ્ર મુખ્યાલયમાં રામકથાનું આયોજન કર્યુ હતુ. યુએનના મુખ્યાલયમાં કરાયેલ આ આયોજન કોઈપણ આધ્યાત્મિક ગુરૂ દ્વારા કરાયેલું આ પ્રકારનું પ્રથમ આયોજન હતું. બાપુએ તેમના નવ દિવસીય આધ્યાત્મિક કાર્યક્રમ સંસ્થાનને સમર્પિત કર્યો હતો અને વૈકિ શાંતિ માટે પ્રાર્થના કરી હતી. તેઓ યુએનની જનરલ એસેમ્બલી પણ ગયાં હતાં, જયાં તેમણે ગોસ્વામી તુલસીદાસનું રામચરિત માનસ (રામાયણ) મૂકીને વૈદિક સ્તોત્રનો ઉચ્ચાર કર્યો હતો.

વૃક્ષો અને વડીલો છાયા તેમજ ફળ બંને આપે છે. વૃક્ષો અને વડીલોની સેવા કરતા સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે તા. ૨૩ નવેમ્બર–૨૦૨૪ થી તા. ૦૧ ડીસેમ્બર–૨૦૨૪ સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે પૂ. મોરારિ બાપુની વૈકિ રામકથા યોજાનાર છે. વૈકિ રામકથાની વિશેષ વિગતો માટે મો.૯૬૬૪૮૫૧૭૩૮ પર સંપર્ક કરવા સદભાવના વૃદ્ધાશ્રમની યાદીમાં જણાવાયું છે. વૈકિ રામકથા કાર્યાલય : ધ ટવિન ટાવર, અમીન માર્ગ, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ પાસે, રાજકોટ.

## ટીંબી : શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલને જોધાણી પરિવાર દ્વારા ૫.૧૧ લાખની સહાય



ટીંબી, તા. ૩

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી. ભાવનગર) માં ચાલતા તદન નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યમાં દાતા રમેશભાઈ લક્ષ્મણભાઈ જોધાણી આંબરડી (ઢસા) હાલ–સુરત હોસ્પિટલની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા. હોસ્પિટલમાં ચાલતા સેવાકાર્યને રૂબરૂ નિહાળીને ખૂબ જ પ્રભાવિત થયા હતા. હોસ્પિટલમાં પ્રસુતા બહેનોને ઓસડિયાયુકત સુખડીનાં પેકેટ એક વર્ષ સુધી આપવા માટે રૂપિયા પાંચ લાખ, અગીયાર હજાર પુરાનું અનુદાન આપવાની જાહેરાત કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તેઓએ અગાઉ ગુરૂકૃપા અન્નક્ષેત્રમાં સતત ૫૩ દિવસ સુધી ભોજન પ્રસાદ માટે અગીયાર લાખ પુરા આપેલ તેમજ હોસ્પિટલમાં નિર્માણ થઈ રહેલ સીટી–સ્કેન, મેડીકલ સ્ટોર બિલ્ડીંગ માટે રૂપિયા એકવીસ લાખ પુરાનાં અનુદાનની જાહેરાત કરેલ છે. તેઓનું ઉપપ્રમુખ બી. એલ. રાજપરા, ખજાનચી પરેશભા ડોડીયા તથા ટ્રસ્ટી લવજીભાઈ નાકરાણી દ્વારા સદગુરૂદેવશ્રીનાં ‘જીવનચરિતામૃત’ ગ્રંથ, મોમેન્ટો અને શાલ અર્પણ કરીને સન્નમાનિત કરવામાં આવેલ.

### બરવાળામાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ સંપન્ન

## શરીરમાં ધૂણવું–સવારી આવવી ડિંડકનું તિક્કડમ વિજ્ઞાન

### નવરાત્રિ પ્રાચીન ગરબીના આયોજકોને ધૂણવાનો રાસ બંધ રાખવા વિજ્ઞાન જાથાની અપીલ



અમદાવાદ, તા. ૩

–નવરાત્રિ ગરબીમાં ધૂણવાના રાસથી બાળાઓને માનસિક હાનિ..... વિજ્ઞાન જાથા.

–નવરાત્રિ ગરબીમાં ધૂણવાનો રાસ માનસિક દર્દ નાક રોગને આમંત્રણ....વિજ્ઞાન જાથા

–બાળમાનસ ઉપર અંધશ્રદ્ધા પ્રેરક વિપરીત અસરોથી માનસિક રોગની સંભાવના.

– ડીસોસીએટીવ ડિસઓર્ડર, ઓબ્જેશન, હિસ્ટેરીયા, ભયભીત વળગાડ રોગ થાય.

– માસહિસ્ટેરીયા અને માનસિક નબળા હિપ્નોટાઈઝ થઈ ધૂણે છે.

–છાત્રાઓને જ્ઞાન–વિજ્ઞાનનું સ્નાન કરાવ્યું. જાથાનો ૧૦૦૪૯ કાર્યક્રમ સંપન્ન.

બોટાદ જિલ્લાના બરવાળા ગામમાં શ્રીમતિ એમએસબી અને કેબીએમ ગર્લ્સ હાઈસ્કૂલમાં ૩૫૦ છાત્રાઓ, વાલીમાં અંધશ્રદ્ધા દૂર કરવાનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. હિન્દુ–મુસલમાનના વ્યક્તિ શરીરમાં પ્રવેશના નામે ધૂણવું – સવારી આવવાની મહાડિંડકની રસપ્રદ હકિકત પ્રયોગ સાથે રજૂ કરવામાં આવતા આસપાસ વિસ્તારમાં ધૂણવાની ડિંડકલીલા કરનારામાં સોંપો પડી ગયો હતો. જાથાએ નવરાત્રી ગરબીના આયોજકોને ધૂણવાનો રાસ બંધ રાખવા લોકહિતમાં અપીલ કરી હતી. ધૂણવા–સવારીના ગેરફાયદાની વિસ્તૃત માહિતી આપી હતી.

કાયક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન શાળાના આચાર્ય કેતનભાઈ ઉંડવીયાએ કર્યું હતું. શાળાનો શૈક્ષણિક સ્ટાફ, ભાનુબેન ગોહિલ, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, ભારતીબેન દેગામીની હાજરીમાં કરવામાં આવ્યું હતું. સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ દેગામી અને ભારતીબેન દેગામીએ પ્રયોગ નિદર્શન કર્યું હતું.

શાળાના ઈન્ચાજ આચાર્ય કેતનભાઈ ઉંડવીયાએ દેશમાંથી અંધશ્રદ્ધા નાબુદ થાય તે માટે વિજ્ઞાન જાથા દેશવ્યાપી કાયક્રમો યોજે છે તે આવકારવા દાયક છે. જાથાની પ્રવૃત્તિની પ્રશંસા કરી હતી.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓ–વાલીને સંબોધતા જણાવ્યું કે ધૂણવાનો રાસ બંધ કે દૂર કરવાથી શ્રદ્ધા, ભકિતમાં કોઈ અવરોધ ઉભો થવાનો નથી. છેલ્લા સતર વર્ષથી નવરાત્રિ મહોત્સવમાં પ્રાચીન ગરબીમાં ધૂણવાના રાસે કૌતુક ઉભું કરી માસ હિસ્ટેરીયાને જન્મ આપ્યો છે. બાળમાનસ ઉપર અંધશ્રદ્ધા પ્રેરક વિપરીત માનસિક અસરો થતી હોય ધૂણવાના રાસ કાયમી બંધ કરી નવતર રાસ–કાર્યક્રમો આપવા અપીલ કરવામાં આવી હતી. ધૂણવાનો રાસ અનેક પ્રકારે હાનીકારક સાબિત થયો છે. લાંબાગાળે માનસિક રોગની પૂરેપૂરી સંભાવના છે. માનસિક નબળી બાળાઓ હિપ્નોટાઈઝ થઈને ધૂણવા લાગે છે જે સિલસિલો રોગને આમંત્રણ આપે છે.

જાથાના પંડયાએ વધુમાં જણાવ્યું કે ગરબીમાં ધૂણવાના રાસ વખતે ગુગળ–અગરબત્તીનો ધુમાડો કરી વાળ ખુલ્લા રાખી ડોકું અનેક પ્રકારે હલાવવાનો પ્રયોગ કરવામાં આવે છે જેની સમયમયાર્દા નિશ્ચિત હોતી નથી. ધૂણવાનો રાસ વખતે મોટો માનવસમુહ એકત્રિત થઈ જતો હોય છે. તેથી ડાક વગાડનાર રંગતમાં આવી રાસને લંબાવે છે તેથી ધૂણતી બાળાઓને વધુ પ્રમાણમાં કસરત, થાક, ધુમાડો અંગારવાયુ અને કાર્બન મોનોકસાઈડ લેવાના કારણે બેશુદ્ધ થઈ જાય છે. પડી જવાના બનાવ બને છે. ધૂણવાના કારણે માથાના ભાગે નીકળતી નસોને નુકશાન થતું હોય કયારેક અપંગતાને આમંત્રણ આપીએ છીએ. ધૂણવાના રાસમાં બાળાઓને ઓકિસજન મળી રહે તેવી કોઈ વ્યવસ્થા હોતી નથી. બાળાઓના વાલીએ સજાગતા રાખી ધૂણવાના રાસથી દૂર રાખવું હિતાવહ છે. કેટલાક આયોજકોએ અનુભવના અંતે આ રાસ દુર કર્યો છે.

વિશેષમાં જયંત પંડયાએ જણાવ્યું કે ગરબીમાં ધૂણવાના રાસને કારણે લાંબાગાળે, ભવિષ્યમાં માનસિક રોગોમાં ડીસોસીએટીવ ડિસઓર્ડર, ઓબ્જેશન, હિસ્ટેરીયા, ભયભીત વળગાડ જેવા દર્દોની સંભાવના રહે છે. વિચારોનો વળગાડ, આંચકી, ભકિતમાંથી ભયનો રોગ, શંકા વ્હેમ, શરીરમાં માતાજી આવવું, શરીરમાં અન્યોનો પ્રવેશ થવો, હિસ્ટેરીયા પ્રકારના રોગ આવવાની પૂરેપૂરી સંભાવના છે. ધૂણવાનો રાસ કરનારા અને માનસિક નબળા જોનારા માટે ખતરનાક સાબિત થાય છે. ધૂણવાનો રાસ બંધ રાખવાથી માતાજીની શ્રદ્ધા, ભકિતમાં અવરોધ નથી. જાથા નવરાત્રિ મહોત્સવમાં આસ્થા ધરાવે છે. ધૂણવાના રાસનો વિરોધ કરે છે. અગાઉના વર્ષોમાં ધૂણવાના રાસને કોઈ સ્થાન ન હતું. અત્યારે ગતકડાં ઉભા કર્યા છે. જાગૃતોએ ગરબીમાં ધૂણવાના રાસ બંધ રાખવા પહેલ કરવી જોઈએ. ગરબીના આયોજકો જાથાની અપીલને હકારાત્મક દ્રષ્ટિએ નિહાળી અમલ કરે તેવી આશા રાખવામાં આવે છે. વિજ્ઞાન ટેકનોલોજી યુગમાં ધૂણવાનો રાસ પછાતતાના દર્શન કરાવે છે. ધૂણવાનો રાસ આપણી સંસ્કૃતિ નથી. ધૂણવાનો રાસ અધઃપતનની નિશાની છે. ધૂણવું – સવારી આવવી માનસિક રોગની નિશાની સાથે ધતિંગની વ્યાખ્યામાં આવે છે. દેશભરમાં નવરાત્રિ મહોત્સવ, શ્રદ્ધા, ભકિત, આસ્થા, વિવિધતાથી માઁ અંબા માતાજીની પૂજા, અર્ચના, સ્થાનિક સંસ્કૃતિની રીતે ઉજવણી થાય તેના તરફ સૌને આદર હોય છે. ધૂણવાનો રાસ તો બંધ થવો જ જોઈએ.

જાથાના ચેરમેન પંડયાએ વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારોના દાખલા દ્રષ્ટાંત આપી છાત્રાઓ–વાલીને મંત્રમુગ્ધ કર્યા હતા. ભૂત, પ્રેત, મામો, જીન્નાત, ડાકણ, ચુડેલ, મેલીવિદ્યા, આસુરી શક્તિનું અસ્તિત્વ જ નથી તો તેનો ભય કાઢી નાખવા અનુરોધ કર્યો હતો. મંગળ, શનિ વિગેરે ગ્રહો માનવજીવનને અસરકર્તા નથી. ગ્રહો કદી નડતા નથી જીવતા માણસો જ નડે છે. મૃત્યુ પામેલા કદી નડી શકે નહિં. તેની ભ્રમિત વાતો થાય છે. આત્મા, પુર્નજન્મની વાતો હંબક છે. માનસિક ભ્રમણાઓ, ત્રુટિમાંથી ઉત્પન્ન થયેલી ભ્રામક ઘટનાઓ છે, હકિકત નથી. વિજ્ઞાનનો માણસ તર્કશીલ સાથે બુદ્ધિની કસોટીએ ઘટનાને મુલવે છે. જયોતિષ, વાસ્તુશાસ્ત્ર, ફેંગસુઈને વિજ્ઞાનનો કોઈ આધાર નથી. કપોળ કલ્પિત શાસ્ત્રો છે. ખોટા શાસ્ત્રોનું અનુકરણ કરવાથી અધોગતિને આમંત્રણ આપીએ છીએ. ફેંગસૂઈ, વાસ્તુશાસ્ત્ર રૂપિયા ખંખેરનારું શાસ્ત્ર સાબિત થયું છે.

વિજ્ઞાન જાથાની ટીમે ચમત્કારિક પ્રયોગયોમાં હાથમાં દીવા રાખવા, એકના ડબલ, હાથમાંથી કંકુ ભસ્મ લોહી નીકળવું, કાનેથી ચિઠી વાંચવી, સંમોહન, ઉકળતા તેલમાં હાથેથી પૂરી તળવી, રૂપિયાનો વરસાદ, હવામાં શરીરનું સ્થિર રહેવું, હઝરતમાં જોવું, જીભની આરપાર ત્રિશુલ નાખવું, બોલતું તાવીજ, ગોળ પથ્થર ઉપર બેસી શરીરનું ફરવું, કર્ણપિશાચ વિદ્યા વિગેરેનું નિદર્શન કરી સ્થળ ઉપર છાત્રાઓને શીખડાવી દેવામાં આવ્યા હતા અને છાત્રાઓ મંત્રમુગ્ધ થયા હતા.

જાથાની વિચારધારા સાથે સંમત લોકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ / ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## એસવીએસ કક્ષા ''કલાઉત્સવ''માં સાવરકુંડલા : દોશી ગર્લ્સ હાઈસ્કુલની બહેનોએ મેળવી સિદધી



સાવરકુંડલા, તા. ૩

નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત શ્રી એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ અને એ. કે. ઘેલાણી ગર્લ્સ હાયર સેકન્ડરી ની વિદ્યાર્થીની બહેનોએ એસવીએસ કક્ષા ‘કલા ઉત્સવ ‘માં જે. એન. મહેતા હાઈસ્કૂલ – ખાંભા મુકામે ભાગ લીધો હતો. જેમાં ઉચ્ચ માપ્રયમિક વિભાગ–સંગીત વાદનમાં–પંડ્યા શ્રેયા ડી. પ્રથમ નંબર, ચિત્રકલા – નિમાવત તન્વી ડી. તૃતીય નંબર, માધ્યમિક વિભાગ–બાળ કવિ–બલદાણીયા નીલીમા બી. દ્વિતીય નંબર, ચિત્રકલા– બોસમીયા જૈના જે. દ્વિતીય નંબર પ્રાપ્ત કરી શાળાનું ગેરવ વધારેલ છે. શાળાના પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયાએ તથા નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓ અને શાળા પરિવારે ખૂબ–ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

## અમરેલી માતુશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ ખાતે ‘વકતૃત્વ, રંગોળી અને ચિત્ર સ્પર્ધા’ યોજાઈ




અમરેલી, તા. ૩

અમરેલી જીલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ અમરેલીમાં ‘એન.એસ.એ.સ દિવસ’ નિમિત્તે તારીખ ૧૮/૯/૨૪ને શુક્રવારનાં રોજ ‘વકતૃત્વ, રંગોળી અને ચિત્ર સ્પધા’ એમ ત્રિવિધ સ્પર્ધા આયોજીત થઈ ગઈ.

વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પઠાણ સુનેરા એ., બીજા ક્રમે જોષી હેમાદ્રી ટી. ત્રીજા ક્રમે પરમાર હિમાંસી અને વાઘેલા ઉર્મિલાએ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. વકતૃત્વ સ્પર્ધાના વિષય હતાં – ‘નશામુકિત’, ‘એન.ઈ.પી.ઉપકારક કે અભિશાપ’, ‘એ.આઈ.ઉપકારક કે અભિશાપ’, ‘૨૦૪૭ના ભારત માટે યુવાનોનું કર્તવ્ય’, આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રિન્સિ ડો.બી.આર.ચુડાસમા અને સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડો. વિલાસબેન સોરઠિયાએ સેવા આપી હતી. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે દાફડા ચંદ્રિકા આર., બીજા ક્રમે દાફડા અલ્પા એન., અને ડેર ક્રિષ્ના એ. સ્થાન પાપ્ત કર્યુ હતું. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. નયનાબેન જોષી, ડો. નિરૂપમાબેન ટાંક, ડો. જયશ્રીબેન મકવાણા, શ્રીધ્રુવીબેન માતરિયા એ સેવા આપી હતી. ચિત્ર સ્પર્ધાના વિષયો હતાં. ‘સ્વચ્છ ભારત’ અને ‘વિવિધ ક્ષેત્રોમાં નારીનું યોગદાન.’ રંગોળી સ્પર્ધામાં પ્રથમ સ્થાન જોગરાજીયા માનસી,, બીજા ક્રમે કલસારા દ્રષ્ટિ, ત્રીજા ક્રમે જોષી વિશ્વા અને રાદડીયા જાનકીએ સ્થાન પ્રાપ્ત કર્યુહતું. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો. અરૂણાબેન પટેલ, પ્રા. મનિષાબેન સાગઠિયા, પ્રા. વૃતિ મેડમ અને પ્રા. સવિતાબેન પરમારે સેવા આપી હતી.

## સા.કુંડલા : શ્રી લલ્લુભાઇ શેઠ આરોગ્ય મંદિર દ્વારા ગર્ભસંસ્કાર કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર નિઃશુલ્ક પણે દર્દી નારાયણની સેવામાં કાર્યરત છે જેમાં અલગ અલગ વિભાગના વિઝીટિંગ ડોકટરોનો દર્દી નારાયણને બહોળી સંખ્યામાં સેવાનો લાભ મળી રહયો છે. આદરમિયાન વધુ મુંબઈના પ્રખ્યાત ગર્ભ સંસ્કાર સ્પેશિયાલિસ્ટ ડો.સુભાષ ધવળે દ્વારા ગર્ભ સંસ્કાર કેમ્પ યોજાયો હતો જેમાં સગર્ભા બહેનો તથા ગર્ભ રાખવાઈચ્છતી બહેનો માટે ગર્ભ સંસ્કાર વિષેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના કાર્યરત ગાયનેક ડો.વંદિતાબેન સલાટ તથા આયુર્વેદિક વિભાગના વડા ડો. કોમલ કટારીયા દ્વારા પણ કેમ્પમાં ઉપસ્થિત બહેનોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું આ કેમ્પ માં ૩૦૦ થી વધુ બહેનોએ લાભ લીધો. તેવું આરોગ્ય મંદિરના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયાની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## સાવરકુંડલા વીર શહીદ ભગતસિંહ જન્મ જયંતીની ઉજવણી કરાઈ



સાવરકુંડલા, તા. ૩

શ્રી કે.કે હાઈસ્કૂલ અને શ્રી કે.કે ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલ સાવરકુંડલામાં એસ.એસ. યુનિટ અંતર્ગત વીર ભગતસિંહના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત પ્રાર્થના સભામાં શહીદ ભગતસિંહજીની છબીને સુતરની આટી પહેરાવી નમન કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ વર્ષાબેન પટેલ દ્વારા શહીદ ભગતસિંહના જીવન વિશે પરિચય આપવામાં આવ્યો હતો. બાળપણથી લઈને ફાંસીને માચડાને વહોરનારા ભગતસિંહની જીવનકથાની બાળકોને વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. બાળકોમાં દેશભક્તિની ભાવના જાગે એવું ભાવમય વાતાવરણ પેદા કરવામાં આવ્યું હતુ. ‘ઈન્કલાબ જિંદાબાદ’ ‘શહીદો અમર રહો’, ‘વંદે માતરમના’ નારાથી પ્રાર્થના હોલ ગુંજી ઉઠ્યો હતો. માંજરીયા દ્વારા બાળકોને શહીદ ભગતસિંહની વીરગાથા કહેવામા આવી હતી. આ કાર્યક્રમમાં સ્ટાફના તમામ શિક્ષક ભાઈઓ, બહેનો અને વિદ્યાર્થીઓએ હોશે હોશે ભાગ લીધો હતો. અંતે એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર વર્ષાબેન પટેલ દ્વારા આભાર વિધિ વ્યક્ત કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ સંચાલન પ્રિન્સિપાલ ગુજરીયાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર વર્ષાબેન પટેલ દ્વારા કરવામાંઆવ્યું હતુ.

# બાબરામાં મેલડી માતાજીનાં ઉપાસક રાજુ જેઠવા દ્વારા નવરાત્રિમાં પ્રથમ નોરતે માતાજીના મંદિરે ધ્વજારોહણ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં વડલીવાળી મેલડી મા મંદિરે નવરાત્રીના પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. માતાજીના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા અહીં ભવ્ય અને દિવ્ય નવરાત્રીનું આયોજન માતાજીના સાનિધ્યમાં થાય છે. અહીં નવરાત્રીના પ્રથમ નોરતે માતાજીનું ઘટ સ્થાપન, પૂજન, અર્ચન કરી ધ્વજારોહણ કાર્યક્રમ યોજાય છે. અહીં બાબરા શહેરમાં રાજુભાઈ જેઠવા મા કુળદેવી ચામુંડા માતાજીના મંદિરેથી તમામ ભાવિકો મોટી સંખ્યામાં ધ્વજા લઈ માતાજીના ગુણગાન ગાતા ગાતા પગપાળા મેલડી મા મંદિરે આવે છે અહીં વિધિ વિધાન સાથે માતાજીના મંદિરમાં શિખર પર રાજુભાઈ જેઠવા પરિવાર સાથે માતાજીને ધ્વજા ચડાવે છે. માતાજીના નવરાત્રી દરમિયાન મોટી સંખ્યામાં બાબરા શહેર સહિત તાલુકાની બાળાઓ આશરે ૨૫૦૦ થી વધુ નવલા નોરતા રમવા આવે છે. ગત વર્ષે તમામ બાળાઓને નવરાત્રીના અંતિમ દિવસે રાજુભાઈ જેઠવા લ્હાણી તેમજ રોકડ રમક ભેટ સ્વરૂપે અપર્ણ કરે છે. આમ વડલીવાળી મેલડીમા મંદિરે આસો નવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે નવરાત્રિના પ્રથમ નોરતાના અવસરે.

## પાના ૮ ઉપરનું ચાલું હીરા ઉદ્યોગમાં કટોકટી સર્જાતા

પૂરા પાડવાની પ્રતિષ્ઠાને નુકસાન થયું તેમ જ સર્ટિફિકેટ જેવા અનેક પ્રશ્નોનો સામનો કરવો પડયો અને ભારતના હીરા ઉદ્યોગને નુકસાન થયું. ત્રીજું આ મંદીનું એક કારણ એ પણ છે કે, આપણા દેશના સાચા હીરાની પ્રતિષ્ઠા એ વિમાં પંકાયેલી હતી તેવા સમયે આપણા દેશના પ્રધાનમંત્રીએ અમેરિકામાં જઈને અમેરિકાના પ્રેસિડેન્ટના પત્ની લેડી જીલ બાઈડનને લેબ ગ્રોન (સિન્થેટિક) હીરો ૭.૫ કેરેટનો ભેટ આપ્યો. હકીકતમાં ભારતની પ્રતિષ્ઠા સાચા હીરા માટેની છે ત્યારે આવો લેબ ગ્રોન એટલે (સિન્થેટિક હીરો) ભારતના પ્રધાનમંત્રીએ જ અમેરિકાના પ્રેસિડેન્ટના પત્નીને આપ્યો તેથી આપણી સાચા હીરાની પ્રતિષ્ઠાને ભારે નુકસાન થયું છે. હવે સરકારની એ જવાબદારી છે કે મંદીમાં ફસાયેલા ઉદ્યોગને મદદરૂપ બનવું જોઈએ.

કોંગ્રેસની સરકારમાં ૧૯૯૨માં રત્નકલાકાર કલ્યાણ બોર્ડ બનાવેલું હતું. ત્યારબાદ ભાજપની સરકારે આ બોર્ડ બંધ કરી દીધેલું છે. જયારે ૨૦૦૮માં ભાજપની સરકારે રત્નદીપ કૌશલ્ય વર્ધક યોજનાની જાહેરાત કરી હતી અને મંદીમાં ૧૨૦૦ કરોડ રૂપિયાનો લાભ આપવાની વાત કરેલી પરંતુ હકીકતમાં માત્ર છ જ વ્યકિતઓને લાભ આપીને ૨૦૧૨માં આ રત્નદીપ કૌશલ્યવર્ધક યોજના સંપૂર્ણ બંધ કરી દીધી હતી. આમ હીરા ઉદ્યોગ માટે સંપૂર્ણ અનદેખી કરવામાં આવી છે.

હીરા ઉદ્યોગમાં કામ કરનારા કારીગરો એ શ્રમિકો છે અને શ્રમિકો પાસેથી કયારેય વ્યવસાય વેરો લઈ શકાય નહીં, આમ છતાં ભારતીય જનતા પાર્ટીની સરકાર શ્રમિકો પાસેથી વ્યવસાય વેરો લઈ રહી છે.

કોંગ્રેસ પક્ષ માંગણી કરે છે કે, (૧) જી–૭ના દેશોને સ્પષ્ટ રીતે પોતાનો એ નિર્ણય પરત ખેંચવા ભારત સરકાર મજબૂર બનાવે કે ભારતમાં બનેલો હીરો રશિયાની રફનો છે કે કઈ રફનો છે તે જોયા વગર તેમના દેશોમાં ખરીદી થઈ શકે. (૨) જે રત્નકલાકાર કારીગરોએ આત્મહત્યા કરી છે તેમના પરિવારને આર્થિક સહાય તરત જ આપવામાં આવે. (૩) વ્યવસાય વેરો જે રત્ન કલાકાર કારીગરો પાસેથી લેવામાં આવે છે તેને તાત્કાલિક બંધ કરવામાં આવે. (૪) રત્નકલાકાર કલ્યાણ બોર્ડ બનાવવામાં આવે અને જેમાં કામદારના પ્રતિનિધિઓ, કારખાનેદારના પ્રતિનિધિઓ તથા જન પ્રતિનિધિઓનો સમાવેશ કરી માતબર રકમ રત્નકલાકાર કલ્યાણ બોર્ડને ફાળવવામાં આવે. (૫) રત્નકલાકાર કારીગરોની નોંધણી કરવામાં આવે અને એમને મળવાપાત્ર ગ્રેજયુઈટી તથા અન્ય સુવિધાઓ અંગેની સરકાર દ્વારા ચિંતા કરવામાં આવે.

આજે પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સંસદસભ્ય શકિતસિંહ ગોહિલે પ્રેસ કોન્ફરન્સ કરીને હીરા ઉદ્યોગમાં ચાલી રહેલી અભૂતપૂર્વ કટોકટી અને તે અંગેની વિસ્તૃત માહિતી પ્રેસ અને મીડિયાને આપી તથા હીરા ઉદ્યોગને માટેની કલ્યાણકારી માંગણીઓ રજૂ કરી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં આસ્થા અને ઉત્સાહભેર

ભકતો દ્વારા પર્વ ઉજવાય છે. તો માતાજીના ઘણાં ઉપાસકો આ નવ નોરતાના ઉપવાસ કરીને પણ માતાજીની ભકિત કરતાં જોવા મળે છે. જો કે હવે ધીમે ધીમે પાર્ટીપ્લોટ અને અર્વાચીન ગરબાનો ટ્રેન્ડ યુવા વર્ગમાં વધુને વધુ પ્રમાણમાં પ્રસરી રહ્યો છે. આ નવરાત્રિ દરમિયાન સાયંકાળે માટીના ગરબામાં દીપ પ્રગટાવીને માતાજીની સ્તુતિ પણ કરવામાં આવે છે. સાંપ્રત વૈકિ પરિસ્થિતિમાં હાલ ઘણાં દેશોમાં યુધ્ધનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે આ નવલાં નોરતાના પ્રથમ દિવસે જ વૈકિ સ્તરે શાંતિ સ્થપાય એવી માતાજીના ચરણોમાં શીશ ઝુંકાવી બે હાથ જોડીને પ્રાર્થના.

## પાના ૮ ઉપરનું ચાલું ખાંભાનાં ઈંગોરાળા ગામે

તાલુકાના ઈંગોરાળા ગામે ખોડીયાર મંદિરની બાજુમાં રહેતા કાનાભાઈ દાહાભાઈ ગુજરીયા નામનાં ૭૫ વર્ષિય વૃધ્ધના પત્નિ સોનાબેન કાનાભાઈ ગુજરીયા ઈંગોરાળા ગામે દુકાન ચલાવી તેમાં વેપાર કરી ઘરનું ગુજરાન ચલાવે છે. પોતાને સંતાનમાં બે દિકરાઓ છે જેમાં મોટો દિકરો રવજીભાઈ બે એક વર્ષ પહેલા મરણ ગયેલ છે, તેનાથી નાનો દિકરો રમેશ છે અને તે તેમના પરિવાર સાથે સુરત મુકામે રહી હીરા ઘસી તેમનું ઘર ગુજરાન ચલાવે છે અને આ વૃધ્ધ દંપત્તિ બન્ને એકલા ઈંગોરાળા મુકામે રહેતા હોય. વૃધ્ધ પોતે માતાજીના ભુવા હોય અને નવરાત્રીની શરૂઆત થવાની હોય અને તેમના માતાજીનો મઢ નિંગાળા–૧ ગામે પોતાના ઘરે હોય જેથી વૃધ્ધ ગઈ તા. ૨/૧૦ ના વહેલા આશરે સાડા પાચેક વાગ્યે એસ.ટી. બસમાં બેસી નિગાળા– ૧ ગામે ગયેલ હતાં અને વૃધ્ધા સોનાબેન એકલા હતાં.

ત્યારે ઈંગોરાળા ગામેથી સોનાબેનને મજા નથી જેથી તમે ફટાફટ ઈંગોરાળા મુકામે ઘરે આવો તેવો ફોન આવતાં ઈંગોરાળા મુકામે પોતાના ઘરે આવેલ હતાં અને ઘરે આવી જોતા વૃધ્ધના પત્નિ સોનાબેન પોતાના ઘરની ઓસરીના ખાટલામાં બેભાન અવસ્થામાં પડેલ હોય અને તેને બોલાવતા તે કંઈ બોલેલ ન હતી અને તેમના મોઢાની જમણી બાજુ નખ વાગેલાનું નિશાન અને લોહી નીકળેલ હતું અને બન્ને કાનની પહેરવાની સોનાની કંડીયુ ન હતી અને ડાબી બાજુના કાનમાં સોનાની કંડીયું કાઢેલ હતી, ત્યાં લોહી નીકળેલ હતું અને મોઢામાંથી ચુંક નીકળી ગયેલાના નિશાન હતાં તથા ઘરના વચ્ચેના રૂમમાં જઈ તપાસ કરતા રૂમની અંદર ભીત તરફનો પડેલ કબાટ પેટી ખુલ્લી હાલતમાં હતી અને તેની અંદરની ઘરવખરીની તમામ વસ્તુ બહાર કાઢી નાખેલ હતી અને આખા ઘરમાં ઘરવખરીની તમામ વસ્તું વેર વિખેર હાલતમાં પડેલ છે અને તે કબાટનો નકુચો તોડી નાખેલ હતો. અને ત્યારબાદ તેની બાજુનો બીજો રૂમ જોતા તે ખુલ્લો પડેલ હતો અને તે દિવસે વૃધ્ધે પોતાની પત્નિ સોનાબેન સાથે રાત્રે આશરે નવેક વાગ્યે વાત કરેલ હતી. તેથી તે રાત દરમ્યાન બનાવ બનેલ છે અને ત્યારબાદ વૃધ્ધા સોનાબેનને લઈ ખાંભા સરકારી દવાખાને લાવતા ફરજ પરના હાજર ડોકટરે વૃધ્ધા સોનાબેનને તપાસી મરણ જાહેર કરેલ હતાં.

આ બનાવમાં વૃધ્ધાના પતિએ પોતાના પત્નિની કોઈ અજાણ્યા શખ્સે હત્યા કરી રૂપિયા ૧,૪૦,૦૦૦ કાઢી લઈ લુંટ કરી નાશી ગયાની ફરિયાદ ખાંભા પોલીસમાં નોંધાવી છે.

## રાજયમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે તે માટે

# પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત–ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટેની માળખાકિય સુવિધાના નિર્માણ માટે રૂા. ૧.૨૦ લાખ સુધીની સહાય

અમરેલી, તા. ૩

રાજયમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદેશ્ય સાથે રાજય સરકાર સતત કાર્યરત છે. ગુજરાત રાજય સરકાર દ્વારા ગેશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગ્રુપ દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જરૂરી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જરૂરી માળખાકિય સુવિધા માટે સંસ્થાઓ–ગ્રુપને પ્રોત્સાહન આપવા સહાય યોજના અમલી છે.

ગુજરાત રાજયમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે રાજયના ખેડૂતોને જઢરી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પ્રાથમિક તબક્કે પ્રોત્સાહક પરિણામો જોતા રાજયના અનેક ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવતા થયા છે.

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં જરૂરી જીવામૃત–ઘન જીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણ શસ્ત્રો વગેરે બનાવવા માટે દેશી ગાય એ પાયાની જઢરિયાત છે. દેશી ગાય ન રાખી શકતા હોય કે દેશી ગાય ન હોય ત્યારે અસરકારક રીતે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ મુજબ ખેતી થઈ શકતી નથી, આવું ન બને તે માટે રાજય સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવે છે.

પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધાના નિર્માણ માટે યોજના અન્વયેની જરૂરી વિગતો મુજબ, સખી મંડળો અથવા ખેડૂત ગ્રુપને ૫૦ ટકા સુધીની સહાય રૂ. ૬૦,૦૦૦ની મર્યાદામાં મળવાપાત્ર થશે. જેમાં જીવામૃત બનાવવા માટે એચ.ડી.પી.ઈ. ટાંકી ૫,૦૦૦ લિટરની ક્ષમતાની બનાવવાની રહેશે. ઘન જીવામૃત બનાવવા માટે પાકું મજબૂત ૨૦૦ ચોરસ ફુટનું ભોંયતળિયું બનાવવાનું રહેશે. ઉપરાંત પ્લાસ્ટિકના ૨૦ લીટરના ૨૦ કેરબા, ૫ નંગ ડોલ ટોકર અને ૧ નંગ સ્ટરર વગેરે માળખાકીય સુવિધાઓને સાંકળી લેવાની રહેશે.

ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ કે એફપીઓએ પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત– ઘનજીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધા માટે ૧૦,૦૦૦ લિટરની ક્ષમતા વાળી ટાંકી, ૪૦૦ ચોરસ ફૂટનું પાંકુ ભોંયતળિયું વગેરે માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવું. આ માટે ૫૦ ટકા અથવા રૂ. ૧.૨૦ લાખની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે. વધુ વિગતો અને જાણકારી માટે પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા પ્રોજેકટની કચેરી, ખેડૂત તાલીમ કેન્દ્ર, ચક્કરગઢ રોડ, અમરેલીનો સંપર્ક કરવો.


### જીરા ગ્રામ પંચાયત કચેરી – જીરા

તા. સાવરકુંડલા, જી. અમરેલી

**જાહેર હરરાજી**

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, જીરા ગામે રામજીમંદિરની બાજુમાં આવેલ પંચાયત ઓફિસ અને કમ્યુનિટિ હોલની જાહેર હરરાજી કરવાની હોવાથી તાલુકા પંચાયત સાવરકુંડલા તરફથી મંજુરી આવતા આપણી જીરા ગ્રામ પંચાયત તરફથી જુની અને જર્જરીત પંચાયત ઓફિસ અને કમ્યુનિટિ હોલની હરરાજી તા.૧૧/૧૦/૨૦૨૪ ને શુક્રવારે બપોરે ૨ : ૦૦ કલાકે રાખેલ હોય તો હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા તથા રસ ધરાવતા ઈસમોએ સમય પહેલા હાજર રહેવું.

**:: શરતો ::**

(૧) : હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ ડીપોઝીટ પેટે રૂા.૩,૦૦૦/– ગ્રા.પં. હરરાજીના સમય પહેલા જમાં કરવાનાં રહેશે.

(૨) : બંને ઓફિસની હરરાજી થયા પછી જે છે તે સ્થિતિમાં પોતાનાં ખર્ચે અને જોખમે લઈ જવાનો થાય. તેમજ તેનું તળિયું જમીન લેવલ સુધી સંપુર્ણ સાફ કરવાનું રહેશે.

(૩) : હરરાજીમાં ઉંચી બોલી મંજુર કરવામાં આવશે અને તેમણે પુરેપુરી રકમ સ્થળ પર પંચાયતને જમા કરવવાની રહેશે.

(૪) : હરરાજીના દિવસથી ૮ દિવસમાં હરરાજીની જગ્યા જમીન લેવલ સુધી સંપુર્ણ સાફ કરવાની રહેશે.

**જીરા ગ્રામ પંચાયત કચેરી**
**મુ. જીરા, તા.સાવરકુંડલા, જી. અમરેલી**



### શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – અમરેલી

**જાહેર નિવિદા**

આથી શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલીને નવા માર્કેટયાર્ડમાં સ્વ–ભંડોળ અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

**કામનું નામ :** ડીઝાઈન, મેન્યુફેકચર, સપ્લાય એન્ડ ઈન્સ્ટોલેશન ઓફ (પ્રિ એન્જીનીયર્ડ બિલ્ડીંગ) ઓકશન શેડ વીથ રીમેઈનીંગ ફાઉન્ડેશન સીવીલ વર્કસ ઈન એકઝીસ્ટીંગ ઓપન પ્લેટફોર્મ એટ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એગ્રીકલ્ચરલ પ્રોડયુસ માર્કેટ કમીટી, અમરેલી.

| | |
|---|---|
| **અંદાજીત રકમ :** રૂા.૭૬૯.૪૬ લાખ ઈ.એમ.ડી.રૂા.૭,૭૦,૦૦૦ – ૦૦ | **ટેનડર ફી :** રૂા.૧૮,૦૦૦–૦૦ કામની સમય મર્યાદા : ૪ – માસ |
| ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન કરવાની છેલ્લી તારીખ તથા સમય ફીઝીકલ સમબીશનની તારીખ | તા.૧૫/૧૦/૨૦૨૪ સમય : ૧૮:૦૦ કલાક સુધી તા.૧૯/૧૦/૨૦૨૪, ૧૫:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન કરવાની છેલ્લી તારીખ તથા સમય ફીઝીકલ સમબીશનની તારીખ | તા.૧૫/૧૦/૨૦૨૪ સમય : ૧૮:૦૦ કલાક સુધી તા.૧૯/૧૦/૨૦૨૪, ૧૫:૦૦ કલાક સુધી |
| ટેનડર ખોલવાની તારીખ | તા.૧૯/૧૦/૨૦૨૪, ૧૭:૦૦ કલાકે |
| વેબસાઈટનું નામ | www.nprocure.com |

ઉપરોકત કામો અંગે વિગતવાર માહિતિ ટેન્ડરમાં આપવામાં આવેલ છે. તેમજ વધારે માહિતિ માટે ઓફિસ સમય દરમ્યાન શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ – અમરેલી, મુખ્ય યાર્ડ, અમરેલીની કચેરી ખાતે સંપર્ક કરવો.

ફોન : (૦૨૭૯૨) ૨૨૨૧૨૨, ૨૨૩૨૧૩

**નોંધ :** આવેલ ટેન્ડર ભાવ મંજુર / નામંજુર કરવા, ટેન્ડર રદ કરવા વગેરે તમામ અધિકાર સંસ્થાને અબાધિત રહેશે.

(તુષાર એચ.હપાણી) સેક્રેટરીશ્રી — (સુરેશભાઈ એમ.રોકડ) વાઈસ ચેરમેનશ્રી — (શૈલેષભાઈ બી.સંઘાણી) ચેરમેનશ્રી

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – અમરેલી**


## અવસાન નોંધ

**ચલાલા :** હાલ ભાવનગર નિવાસી સ્વ. માલતીબેન છોટાલાલ ભીમજીયાણી (ઉ.વ.૭૬), તા.૧/૧૦/૨૦૨૪ ને મંગળવારે શ્રીજી ચરણ પામેલ છે. તે છોટાલાલ જગજીવનદાસ ભીમજીયાણીના પત્ની પંકજભાઈ અને જયેશભાઈના માતા, ખુશી, હર્ષ અને રીયાનાં દાદી તેમજ પ્રફુલચંદ વનમાળીદાસ ઉનડકટ (ચલાલા) ના બહેન થાય. સદગતનું ટેલીફોનીક બેસણું તા. ૪/૧૦/૨૦૨૪ ને શુક્રવારે ૩ થી ૫ માં રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૦૯૦ |
| ૨ | શિંગ મોટી | ૭૪૫ | ૧૧૦૦ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૯૪૦ | ૧૨૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૭૪૫ | ૨૭૦૦ |
| ૫ | તલ કાળા | ૨૬૮૦ | ૩૯૮૨ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૧૭૫ | ૩૩૧૦ |
| ૭ | બાજરો | ૪૦૨ | ૪૭૩ |
| ૮ | જુવાર | ૬૪૦ | ૬૪૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૨૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૪૧ |
| ૧૧ | મકાઈ | ૪૨૫ | ૪૯૯ |
| ૧૨ | મગ | ૯૦૦ | ૧૮૨૪ |
| ૧૩ | અડદ | ૧૦૮૦ | ૧૮૬૦ |
| ૧૪ | ચણા | ૧૨૦૫ | ૧૬૦૭ |
| ૧૫ | સફેદ ચણા | ૧૩૩૫ | ૧૯૦૦ |
| ૧૬ | કપાસ | ૭૦૦ | ૧૬૬૦ |
| ૧૭ | એરંડા | ૧૦૪૦ | ૧૨૭૯ |
| ૧૮ | જીરૂ | ૩૯૦૦ | ૪૭૦૦ |
| ૧૯ | ધાણા | ૧૦૭૦ | ૧૩૭૧ |
| ૨૦ | મેથી | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૨૧ | સોયાબીન | ૭૩૫ | ૯૧૩ |
| ૨૨ | રજકાનુ બી | ૪૨૫૦ | ૫૪૯૦ |
| ૨૩ | સુવાદાણા | ૧૪૮૦ | ૧૫૦૫ |
| ૨૪ | સુર્યમુખી | ૭૧૨ | ૭૧૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૦ | ૧૪૭૯ |
| ૨ | મગફળી | ૮૦૦ | ૧૦૫૫ |
| ૩ | ઘઉં | ૪૮૫ | ૫૫૧ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ૫ | ધાણા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૬ | અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૭ | મકાઈ | ૩૫૦ | ૩૫૦ |
| ૮ | તલ | ૨૩૦૦ | ૨૩૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૮૧ |
| ૪ | જીરૂ | ૪૨૦૦ | ૪૮૦૦ |
| ૫ | કપાસ | ૧૨૯૫ | ૧૫૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૪૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૩૭ |
| ૮ | બાજરો | ૪૧૦ | ૫૦૦ |
| ૯ | મગ | ૧૨૮૦ | – |
| ૧૦ | અડદ | ૧૪૯૫ | ૧૮૦૫ |
| ૧૧ | ચણા | ૧૨૩૬ | ૧૫૧૫ |
| ૧૨ | તુવેર | ૧૩૮૦ | ૧૮૦૦ |
| ૧૩ | એરંડી | ૧૨૨૫ | – |
| ૧૪ | મેથી | ૧૧૨૫ | – |
| ૧૫ | રાય/રાયડો | ૧૦૫૨ | – |
| ૧૬ | વાલ | ૨૧૦૦ | – |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૨૬ |
| ૨ | જીરૂ | ૪૨૮૦ | ૪૮૦૦ |
| ૩ | તલ | ૨૩૮૦ | ૨૬૯૦ |
| ૪ | અડદ | ૧૨૯૦ | ૧૫૭૦ |
| ૫ | ઘઉં | ૪૮૫ | ૬૦૫ |
| ૬ | મગ | ૧૨૯૦ | ૧૫૫૦ |
| ૭ | મગફળી નવી | ૯૧૭ | ૯૬૩ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૨૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૯ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૫૩ |
| ૪ | સોયાબીન | ૭૦૦ | ૮૫૭ |
| ૫ | રાય | ૯૫૦ | ૯૫૦ |
| ૬ | ચણા | ૧૧૦૧ | ૧૨૪૮ |
| ૭ | ધાણા | ૮૧૦ | ૧૩૦૫ |
| ૮ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૧૦ |
| ૯ | શીંગદાણા | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૧૦ | મગફળી | ૫૫૦ | ૧૦૭૫ |
| ૧૧ | અડદ | ૧૦૦૫ | ૧૪૧૧ |
| ૧૨ | મગ | ૧૦૯૦ | ૧૫૫૦ |
| ૧૩ | જુવાર | ૭૩૫ | ૭૩૫ |
| ૧૪ | ચોળી | ૨૧૫૫ | ૨૧૫૫ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૬ | ૧૬૬૩ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૦૬૩ | ૧૨૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૨૬ |
| ૨ | કપાસ | ૯૧૨ | ૧૪૫૯ |
| ૩ | બાજરો | ૪૭૦ | ૫૬૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૩૩૦ |
| ૫ | જુવાર | ૪૪૦ | ૭૯૪ |
| ૬ | મકાઈ | ૪૮૯ | ૬૫૭ |
| ૭ | મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૮ | અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૯ | તુવેર | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૧૦ | ચણા | ૧૦૨૫ | ૧૩૨૬ |
| ૧૧ | જીરૂ | ૪૨૨૧ | ૪૪૦૦ |
| ૧૨ | સોયાબીન | ૬૦૦ | ૮૬૬ |
| ૧૩ | અજમા | ૨૦૨૫ | ૨૦૨૫ |
| ૧૪ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |

# પિપાવાવ એપીએમ ટર્મિનલ્સે નવા લર્નિંગ સેન્ટર સાથે શિક્ષણનાં દ્વાર ખોલ્યા






પીપાવાવ ગુજરાત ૩ ઓકટોબર, ૨૦૨૪ એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે તેનાં શિક્ષણ અને સમુદાય વિકાસ પ્રત્યેની હાલની પ્રતિબદ્ધતાનાં ભાગરૂપે ભેરાઈનાં સબ વિલેજ થાવીમાં ઝવેરચંદ મેઘાણી લર્નિંગ રીસોર્સ સેન્ટરનું ઉદ્વાટન કર્યુ હતું. આ સેન્ટરનું નામ પ્રસિદ્ધ ગુજરાતી વિદ્વાન ઝવેરચંવ મેઘાણીનાં નામ પર રાખવામાં આવ્યું છે. સેન્ટર વિસ્તારનાં વંચિત પરિવારોના વંચિત પરિવારોના ૪૦ થી વધુ બાળકોને ગુણવત્તાયુકત શિક્ષણ પ્રદાન કરશે. આ સેન્ટરનું ઉદ્વાટન એન્જીનિયરીંગના હેડ સુબીર મેહરોત્રા અને પ્રોજેકટસનાં હેડ થી જીગ્નેશ અધ્યારૂ તથા એપીએમ ટર્મિનલ્સનાં સિનિયર લીડર્સ અને ગામનાં પ્રતિનિધીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ નવી સુવિધા એપીએમ ટર્મિનલ્સ પીપાવાની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) પહેલો દ્વારા શિક્ષણ પ્રત્યેની વ્યાપક પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. તાજેતરમાં કંપની વિવિધ કાર્યક્રમો દ્વારા આસપાસનાં ગામોમાં ૬૦૦૦ કરતા વધાશે વિદ્યાર્થીઓને શિક્ષણ માટે સહાય કરે છે. આ વ્યાપક શૈક્ષણિક પ્રવૃતિઓમાં પ્રોજેકટ જ્ઞાન જયોત, મોબાઈલ સાયન્સ અને મેથ્સ લેબ, અને શૈક્ષણિક પ્રદર્શન સુધારણા માટે ઉપચારાત્મક શિક્ષણ, ડિજિટલ વર્ગખંડો અને પુખ્ત સાક્ષરતા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. એપીએમ શાળામાં ૧૦૦ ટકા હાજરીમાં હેતુ સાથે એનરોલમેન્ટ ડ્રાઈવનું પણ આયોજન કરે છે. ડ્રોપઆઉટ વિદ્યાર્થીનીઓને ડિસ્ટન્સ એજયુકેશન પણ પ્રદાન કરે છે તથા અને પ્રવૃતિ આધારિત વિજ્ઞાન અને સ્પોકન ઈંગ્લિશ પ્રોગ્રામ ઓફર કરે છે. આ ઉપરાંત, એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ પેરેન્ટિંગ સેશન્સનું પણ આયોજન કરે છે. વન–ઓન–વન કાઉન્સેલિંગ, ઈન્ટર વિલેજ સ્પોટર્સ ડેઝ અને સ્થાનિક શાળાઓને શિક્ષક સહાય પૂરી પાડે છે. કંપનીએ એકંદરે શૈક્ષણિક અનુભવને વધારવા માટે આસપાસના ગામોમાં કોમ્પયુટર લેબ, પુસ્તકાલયો અને રમતગમતના મેદાનો વિકસાવવામાં પણ રોકાણ કર્યુ છે. ભેરાઈ ગામમાં લર્નિંગ રીસોર્સ સેન્ટરની સ્થાપના કરીને, એપીએમ ટર્મિાલ્સ પીપાવાવ સ્થાનિક સમુદાયોને સશકત બનાવવા અને ભાવિ પેઢીઓ માટે શૈક્ષણિક તકોને પ્રોત્સાહન આપવા માટેની તેની પ્રતિબદ્ધતાની ખાતરી કરે છે.

## લીલીયા મોટા : પીઆઈ આઈ. જે. ગીડા એ નવરાત્રી પર્વ ને લઈને બેઠક યોજી



લીલીયા, તા. ૩

લીલીયા મોટાના નવ નિયુક્ત પીઆઈ આઈ. જે. ગીડા એ તારીખ ૨/૧૦/૨૦૨૪ ના રોજ રાત્રે ૮ કલાકે ગરબા મંડળના આયોજકો સાથે તેમજ લીલીયાના શેરી ગરબાના આયોજકો તેમજ લીલીયાના પ્રતિષ્ઠિત નાગરિકો સાથે બેઠક યોજી આ બેઠકમાં કડવા પાટીદાર સમાજના પ્રમુખ બાબુભાઈ ધામત, સરપંચ જીવનભાઈ વોરા, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, કેપ્ટન ધામત, બહાદુર ભાઈ બેરા, સહિતના લીલીયા ગરબી મંડળના આયોજકો આ બેઠકમાં ઉપસ્થિત રહેલ જયારે લીલીયાના નવનિયુક પીઆઈ આઈ.જે. ગીડા દ્વારા આવેલ અગ્રણીઓ ને કહેવામાં આવ્યું કે તમામ ગરબી મંડળ ઉપર અસામાજિક તત્વોકે અન્ય કોઈ શંકાસ્પદ વ્યક્તિ દ્વારા કોઈપણ ગુપ્ત રીતે વિડીયો શુટીંગ કે ફોટોગ્રાફી કરતા હોય તેવું ધ્યાને આવે તો તુરંત લીલીયા પોલીસનો સંપર્ક કરવો જે અંગે લીલીયા પોલીસ દ્વારા નંબર જાહેર કરવામાં આવેલ છે ૦૨૭૯૩–૨૩૭૫૪૨ નંબર પર આવા ઈસમોની જાણ કરવી તેમ જ લીલીયા પોલીસની મદદ આ ટેલિફોન નંબર પર માગી શકશો. પી.આઈ. ગીડા દ્વારા હોમગાર્ડ તેમજ જી.આર.ડી.ના જવાનોને નવરાત્રી દરમિયાન પોતાના ફરજ અંગે વાકેફ કરવામાં આવેલ લીલીયા તાલુકાના ૩૭ ગામ ના જી.આર.ડી જવાનોને તમામ ગામમાં ચાલતા ગરબા મંડળો તથા શેરી ગરબા પર જયાં સુધી ગરબા પૂર્ણ ન થાય ત્યાં સુધી જરૂરી પેટ્રોલિંગ તથા ફિક્સ પોઈન્ટ ફાળવવામાં આવેલ તેમજ કોઈ અનિચ્છનીય બનાવો ન બને તે સંદર્ભે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ અને લીલીયા પોલીસ તેમજ ગામડા ઓમાં પી.સી.આર.વાન દ્વારા સઘન પેટ્રોલિંગ રાખવા બાબતે પણ પીઆઈ દ્વારા સૂચનાઓ આપવામાં આવેલ તેમજ મોટી ગરબી મંડળ/મંડળી તથા ગરીબીઓમાં ચાલતા ગરબાઓમાં કોઈપણ લુખ્ખા તત્વો કે અસામાજિક તત્વો દ્વારા રાસ રમતા બેન દીકરીઓ પર કોઈ ગુપ્ત રીતે વિડિયો શુટીંગ કે ફોટોગ્રાફી ન કરે તે સારૂ લીલીયા પોલીસ જવાનોને ગપ્ત પહેરવેશમાં સઘન પેટ્રોલિંગ કરવા બાબતે પણ સુચના આ તકે આપવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## સાવરકુંડલા ખાતે ગાંધી જયંતી નિમિતે લોકજાગૃતિ રેલીનુ આયોજન કરાયુ




સાવરકુંડલા, તા. ૩

શ્રી કે.કે હાઈસ્કૂલ અને શ્રી કે.કે ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલ સાવરકુંડલામાં પરમ આદરણીય શ્રપ્રધેય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિવસ નિમિત્તે એન.એસ.એસ યુનિટ દ્વારા ગાધીજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી નિમિત્તે શાળામા એન.એસ.એસ યુનિટ દ્વારા ભવ્ય લોકજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સેપ્રથમ મહાત્મા ગાંધીજીની છબીને વંદન કરવામાં આવ્યા હતા. પ્રિન્સિપાલ સાહેબ દ્વારા ગાંધીજીએ ભારતની સ્વતંત્રતામાં આપેલ ફાળા વિશે પ્રેરણાદાઈ ક્રાંતિકારી વાતો કરવામાં આવી હતી. ત્યારબાદ રેલીની શરૂઆત થઈ હતી. આ રેલીમાં એન.એસ. એસના સ્વયંસેવક ભાઈઓ બહેનો તેમજ શાળાના ધોરણ ૧૧ અને ૧૦ ના વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ ભાગ લીધેલ હતો. આ રેલી કે.કે હાઈસ્કૂલમાંથી નીકળી ત્યારબાદ સાવરકુંડલાના ઘણા બધા વિસ્તારોમાં થઈને નારાઓના ઉચ્ચાર સાથે ફરી પાછી શાળામાં પરતફરીહતી. એસમયદરમિયાન‘ સ્વચ્છતા ત્યાંપ્રભુતા‘, ‘ગંદવાડ ત્યાંમંદવાડ‘,‘ માખી મચ્છર હટાવો (અંડર સ્કૅર)રોગચાળો ભગાવો ‘ના નારા સાથે વાતાવરણમાંસ્વચ્છતા વિશેએક સંદેશો ફેલાવવામાંઆવ્યો હતો. બાળકો દ્વારા પોસ્ટર અને બેનરો દ્વારા સૂત્રોચાર કરવામાં આવ્યા હતા. આ રેલીમાં શાળાના પ્રિન્સિપાલ ગુજરીયા, એન.એસ.એસ કેમ્પ કોઓર્ડીનેટર માંજરીયા, પ્રોગ્રામ ઓફિસર વર્ષાબેન પટેલ શિક્ષક રફિકભાઈ ભોરણીયા તેમજ શિક્ષિકાબહેન કોમલબેન મકવાણા તેમજ રીનાબેન નાગર દ્વારા રેલીમાં પૂરતો સાથ સહકાર આપવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રિન્સિપાલ ગુજરીયાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસ વર્ષાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતુ.

## થોરડી : શ્રી નિવાસી અંધ વિદ્યાલય ખાતે ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવી




સાવરકુંડલા, તા. ૩

લોક સેવક સંઘ સંચાલિત શ્રી નિવાસી અંધ વિદ્યાલય અને લોકવિદ્યા મંદિર થોરડીમાં ગાંધી જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થામાં ગાંધી વિષય પર ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વકૃતત્વ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આજુબાજુની ૨૦ જેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકો આ સ્પર્ધામાં જોડાયા હતા. પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સંસ્થામાં આ સ્પર્ધાઓની સાથોસાથ ‘આઝાદીની લડાઈ અને ભારતની વિકાસ યાત્રા‘નું ફોટા પ્રદર્શન મનીષભાઈ વિંઝુડા દ્વારા કરવામાં આવ્યું હતું. ‘ગાંધી જીવન પ્રદર્શન‘નું આયોજન પણ થયું હતું.

સમગ્ર કાર્યક્રમના મુખ્ય મહેમાન મનીષભાઈ વિંઝુડા (અંગ્રેજી શિક્ષક–સાવરકુંડલા) રહ્યા હતા. જેમણે સંસ્થાના કાર્યો અને કાર્યકરોની કામગીરીની પ્રસંશા કરી હતી. સમગ્ર કાર્યક્રમ મું. કાંતિભાઈ પરસાણા (મેને. ટ્રસ્ટી લોકવિદ્યા મંદિર)ના માર્ગદર્શનથી સફળતા પૂર્વક યોજાયો હતો.

## સાવરકુંડલા ખાતે નવરાત્રિને લઈને પોલીસ દ્વારા શાંતિ સમિતિની બેઠક યોજાઈ



અમરેલી તા.૩

નવરાત્રીને અનુલક્ષીને સાવરકુંડલા સીટી પોલીસ મથક દ્વારા શાંતિ સમિતીની બેઠક બોલાવવામાં આવેલ હતી. નવ નિયુક્ત પોલીસ ઈન્સપેકટર ચીરાગ કુગસીયા દ્વારા હિન્દુ મુસ્લિમ અગ્રણીઓ અને રાજકીય અગ્રણીઓ ની વિશેષ ઉપસ્થિતિ સાથે નવરાત્રિના આયોજકોની બેઠક બોલાવી હતી. જેમાં કોમી એખલાસથી ઉજવાતા દરેક પર્વ સાથે નવરાત્રી પણ ભવ્ય રીતે ઉજવાઈ અને નવરાત્રિ પાર્ટી પ્લોટ કે જ્ઞાતિ વાઈજ થતા આયોજનોમાં જાહેર રોડ રસ્તાઓ પર લાઈટ ની સુવિધાઓ સારી રીતે ઉપલબ્ધ રહે તે માટે પણ આયોજકોને પોલીસ ઈન્સપેકટર ચિરાગ કુગસીયા દ્વારા જણાવવામાં આવ્યુંહતું. સાથે સાથે નવરાત્રી ઉત્સવમાં માં જગદંબાની આરાધનાઓ સારી રીતે થઈ શકે તે માટે પૂરતો પોલીસ બંદોબસ્ત રાખવામાં આવશે. જયારે કોઈપણ ગુન્હાહિત પ્રવૃતિઓ ધ્યાને આવે તો પોલીસનો સંપર્ક કરવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો. આ શાંતિ સમિતિ ની બેઠકમાં હસુભાઈ સૂચક, કનુભાઈ ડોડીયા, હસુભાઈ બગડા, ઈકબાલ ગોરી, હિતેશભાઈ સરૈયા, નાસીર ચેહાણ, ઈરફાન કુરેશી, જુબેર મામદાણી, હિન્દુ સેના સાથે અન્ય અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીમાં નવરાત્રિને લઈને ચાપંતો બંદોબસ્ત ગોઠવો : શકિતગ્રૂપ

અમરેલી, તા. ૩

અમરેલીમાં નવરાત્રિ નું પર્વ શરૂ થઈ ગયું છે ત્યારે અમરેલી મહિલા પોલીસ દ્વારા મહિલાઓની સુરક્ષા ને લઈને ટીમ તૈયાર કરવામાં આવે નવરાત્રી માં મોડી રાત્રી સુધી ગરબા નું આયોજન થતું હોય છે જેમાં ઘણી વાર મહિલાઓની સુરક્ષા ને ધ્યાનમાં રાખીને આ વર્ષ પણ નવરાત્રીમાં મોડી રાત્રે મહિલા પોલીસ ને સિવિલ ડ્રેસમાં તૈનાત રાખવામાં આવે જો કોઈ અસમાજિક તત્વો મહિલા સાથે ગેરવર્તન કરે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે ગરબા આયોજકો ને પણ શરાબીઓ પ્રવેશ ના આપે એ પણ ધ્યાન રાખવું જોઈએ.

# અમરેલીમાં પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડનાં નિવાસ સ્થાને નાણામંત્રી કનુભાઈ દેસાઈનું સ્વાગત










અમરેલીનાં માણેકપરા ખાતે પુર્વમંત્રી બાવકુભાઈ ઉંઘાડનાં નિવાસ સ્થાને આજે રાજયનાં નાણા અને ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ પધારતા તેઓનુ બાવકુભાઈ ઉંઘાડ, મનુખભાઈ ઉંઘાડ, ડો. કાનાબાર, હિરેન હિરપરા, વિજય દેસાઈ, દીપ કવઘાસીયા, ભરત વેકરીયા, રિતેશ સોની, દિવ્યેશ વેકરીયા સહિતના ભાજપનાં આગેવાનોએ ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું.




## ભાજપનાં રાજમાં હીરા ઉદ્યોગની હાલત અતિ દયનીય બની : કોંગ્રેસ

# હીરા ઉદ્યોગમાં કટોકટી સર્જાતા રત્નકલાકારો કરી રહ્યા છે આત્મહત્યા

**કેન્દ્ર અને રાજય સરકાર હીરા ઉદ્યોગને પ્રોત્સાહન આપવામાં કે પુનઃ ધમધમતો કરવામાં સદંતર નિષ્ફળ**

**ભાજપને ધનસંગ્રહ અને મતદાનમાં મદદ કરનાર હીરા ઉદ્યોગ આજે મરણ પથારીએ**

**જી–૭ દેશોનાં અવિચારી નિર્ણયથી હીરા ઉદ્યોગ મુશ્કેલીમાં છતાં પ્રધાનમંત્રી કશું બોલતા નથી**

**પ્રદેશ કોંગી પ્રમુખ શકિતસિંહ ગોહિલે પત્રકાર પરિષદમાં હીરા ઉદ્યોગની વ્યથાનું આધાર પુરાવા સાથે કર્યુ વર્ણન**

અમદાવાદ, તા. ૩

ગુજરાતના અસંખ્ય લોકોને રોજી આપતો અને પુષ્કળ વિદેશી હૂંડિયામણ કમાવી આપતો હીરા ઘસવા(ડાયમંડ પોલિશીંગ)નો ઉદ્યોગ અભૂતપૂર્વ કટોકટીનો સામનો કરી રહેલો છે. આ ઉદ્યોગ દ્વારા લાખો લોકોનું ભરણપોષણ થઈ રહેલ છે. ઉદ્યોગમાં ઊભી થયેલી કટોકટીના કારણે ૧૦૦થી વધારે હીરા ઘસતા કારીગરોએ આત્મહત્યા કરવી પડી છે. આવી અભૂતપૂર્વ કટોકટી ઉદ્યોગમાં પેદા થયેલ હોવા છતાં કેન્દ્ર સરકાર અને રાજય સરકાર સહેજ પણ ચિંતા કારીગરોને કે ઉદ્યોગને બચાવવા કરતી નથી તે દુઃખદ ઘટના છે. ભાજપના ધનસંગ્રહ અને વોટ આપવામાં અગ્રેસર રહેવા છતાં હીરા



ઉદ્યોગ સાથે સંકળાયેલા લાખો લોકોની ચિંતા ભાજપની સરકારને નથી. હજારો કારીગરોએ કામ ગુમાવ્યું છે અને ભયંકર મંદી ઉભી થયેલી છે જેમાં ખાસ કરીને કારીગરોનું શોષણ થઈ રહ્યું છે. ફરજિયાત રજાઓ અને પગારમાં ઘટાડા તથા બિનજરૂરી વેકેશનો કારીગરોને આપવામાં આવી રહ્યા છે. આ અભૂતપૂર્વ મંદીના કારણોમાં નજર કરીએ તો મુખ્ય કારણ એ છે કે, જી–૭ના દેશો એટલે કે અમેરિકા, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટલી, જાપાન અને યુનાઈટેડ કિંગડમના દેશોએ એવો નિર્ણય કરેલ છે કે રશિયાની રફમાંથી તૈયાર થયેલા હીરા અમે નહીં ખરીદીએ. હકીકતમાં ભારતમાં સૌથી વધારે રશિયન રફ લાવીને એના હીરા ઘસીને દુનિયામાં પુરા પડાતા આવ્યા છે. આમ, નુકસાન રશિયા કરતા ભારત દેશને વધારે થાય છે તેમ છતાં જી–૭ના દેશોના અવિચારી નિર્ણય સામે ભારતના પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી ચૂપ છે. અમેરિકામાં તાજેતરમાં જ વડાપ્રધાન ગયા ત્યારે તેમણે પ૬ની છાતી બતાવીને તથા લાલ આંખ કરીને કહેવું જોઈતું હતું કે જી–૭ના દેશો ભારતના હીરા કઈ રફમાંથી બન્યા છે તેને જોયા વગર ખરીદે તો જ ભારતનું હિત સચવાય અને ભારતના હિતને નુકસાન કરતો નિર્ણય જી–૭ કરે તે વ્યાજબી નથી, પરંતુ આવી કોઈ જ હિલચાલ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી નથી. મંદીનું બીજું કારણ એ છે કે, ચાઈનાએ ભારતના ઓરીજનલ હીરાના પ્રતિષ્ઠાભર્યા વેપારને નુકસાન થાય તે રીતે લેબ ગ્રોન એટલે કે સિન્થેટિક હીરા કે જે લેબોરેટરીમાં બને છે તેનું ઉત્પાદન કર્યું અને કેટલાક લાલચુ વેપારીઓ મારફત ભારતમાંથી ડુપ્લીકેટ હીરાનું વેચાણ શરૂ થયું, જેના કારણે ભારતની સાચા હીરા

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોમાં વૃધ્ધાને એકલવાયુ જીવન જીવવુ મુશ્કેલ

# ખાંભાનાં ઈંગોરાળા ગામે લૂંટનાં ઈરાદે ૬૫ વર્ષિય વૃધ્ધાની હત્યાનો બનાવ બનતા પોલીસ દોડી

**સ્થાનિક પોલીસે હત્યા અને લૂંટનો ગુન્હો નોંધી તપાસ આદરી**

તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા



ખાંભા, તા. ૩

ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામે રહેતા એક વૃધ્ધા પોતાના ઘરે એકલા હાજર હતા તે દરમ્યાન ગત તા. ૨ ના રાત્રીના આશરે નવેક વાગ્યાથી લઈ આજે તા. ૩/૧૦ ના સવારના આશરે સાતેક વાગ્યા પહેલા કોઈ પણ સમયે કોઈ અજાણ્યા ઈસમે રાત્રી દરમ્યાન લુંટ કરવાના ઈરાદે ઘરે આવી ઘરમાં રહેલ કબાટનો નકુચો તોડી ઘરની તમામ વસ્તુ વેર વિખેર કરી વૃધ્ધાનું મોત નિપજાવી અને તેના બન્ને કાનમાં પહેરેલ સોનાની કડી નંગ ૬ જેનું વજન આશરે ૨ તોલા જેની આશરે કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦ કાઢી લઈ લુંટ કરી નાશી ગયાની ફરિયાદ ખાંભા પોલીસમાં નોંધાઈ છે.

આ બનાવમાં રાજુલા તાલુકાના નિંગાળા–૦૧ ગામના વતની અને હાલ છેલ્લા ત્રીસેક વર્ષથી ખાંભા

અનુસંધાન પાના ૬ ઉપર
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)